શ્રી ગણેશાય નમ:

શ્રી હાટકેશામ્બિકાભ્યામ નમ:

*आ नो भद्राः क्रत्वो यन्तु विश्वतः*

(અમને સર્વ દિશાઓથી ઉત્તમ વિચારો પ્રાપ્ત થાઓ.)

શ્રી વડનગરા નાગર મંડળ - મુંબઈનું મુખપત્ર

# નાગર મંજૂષા



## ટેક્નોલોજી Ai

## અસર અને અવસર

ડિસેમ્બર ૨૦૨૫
For private circulation


‘નાગર મંજૂષા’ પ્રગટ કરવા થતા ખર્ચને પહોંચી વળવા સ્થાનસમર્પણ યોજના શરુ કરી છે. એના ભાગરૂપે સ્વજનની સ્મૃતિ કાયમ રાખવા, મિત્ર કે કુટુંબીજનને જન્મદિવસ/લગ્નદિવસની શુભેચ્છા પાઠવવા તેમજ કોઈ સિદ્ધી સફળતા મેળવવા બદલનો હરખ વ્યક્ત કરવા પાનાની નીચેના હિસ્સામાં નોંધ મૂકાશે. ઉપરના ભાગમાં જીવનને સુરભિત કરી દે એવાં વિચાર-મોતીઓ, ગદ્યખંડ કે કાવ્યપંક્તિ મૂકાશે. વડનગરા નાગર સમાજની કલા, સાહિત્ય અને સંસ્કારપ્રીતિનું પ્રતિબિંબ એમાં ઝિલાશે. એ માટે અનુદાન નીચે મુજબ રહેશે.

બીજું કવર પેજ (રંગીન) રૂા. ૪૦૦૦
ત્રીજું કવર પેજ (રંગીન) રૂા. ૪૦૦૦
છેલ્લું કવર પેજ (રંગીન) રૂા. ૫૦૦૦
અંદરના પાના (બ્લેક એન્ડ વ્હાઇટ) રૂા. ૩૦૦૦

યોજનાનો લાભ લેવા તંત્રીઓ શ્રીમતી દીના વછરાજાની અને શ્રીમતી વારિણી ત્રિવેદીનો સંપર્ક કરવો.

રજી. ઓ. : એ/૫૮, મણિનાગર નિવાસ, પન્નાલાલ ટેરેસીસ,
ગ્રાન્ટ રોડ (પૂર્વ), મુંબઇ - ૪૦૦૦૦૭
website : www.shrivadnagaranagar.org

# અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| તંત્રીસ્થાનેથી | | નેહા યાજ્ઞિક (આમંત્રિત તંત્રી | ૦૨ |
| આખું વિશ્વ જાણે કે 'આંગળીના ટેરવે' સમાઈ ગયું |  | અલ્પા શુક્લ | ૦૩ |
| મમ્ પર વાયરસે એટેક કર્યો છે |  | દીના વછરાજાની | ૦૫ |
| સાધન સાધ્ય બની જાય ત્યારે મુશ્કેલી સર્જાય |  | દિનેશ ધોળકિયા | ૦૮ |
| એઆઈ માહિતીદર્શક છે, માર્ગદર્શક મિત્ર-હિતેચ્છુ નહીં |  | ડૉ. કોષા મંકોડી | ૧૧ |
| એઆઈને લીધે માનસિક કસરતનું પ્રમાણ ઘટ્યું છે |  | ડૉ. મિહિર વોરા | ૧૩ |
| એક જ સિક્કાની બે બાજુ |  | પાયલ મંકોડી | ૧૮ |
| ટેક્નોલૉજીની અસરો નહીં... મર્યાદાઓ જાણીએ |  | પ્રણામિ બુચ દેસાઈ | ૨૧ |
| જરૂર પૂરતો ઉપયોગ જરૂરી |  | ઋતંભરા છાયા | ૨૪ |
| વિજ્ઞાન હંમેશા બેધારી તલવાર છે... |  | સૌરભ વોરા | ૨૭ |
| ખૂલ જા સીમસીમ...... |  | શીતલ. દેસાઈ | ૩૦ |
| મોબાઈલ ખોવાયો ને માણસ આકુળવ્યાકુળ!! |  | ઊર્વિ મહેતા | ૩૫ |
| "કર લો દુનિયા આંગળીને ટેરવે" |  | વિશાખા પોટા | ૩૭ |

## તંત્રીસ્થાનેથી

પ્રિય મિત્રો,

જય હાટકેશ,

૨૦૨૫નું વર્ષ હવે પૂરું થાય છે. આવનારું ૨૦૨૬નું વર્ષ આપ સહુ માટે સુખદાયી, શુભદાયી અને ફળદાયી નીવડે એ જ શુભેચ્છા.

આજે વર્ષાન્તે વાત કરવી છે 'નાગર મંજૂષા'ની સફળ સફરની. આ યાત્રાનો પ્રારંભ થયો ૧૯-૦૯-૨૦૧૨, ગણેશ ચતુર્થીને દિવસે. શ્રી મંડળના તિથિ લેખે સ્થાપના દિને નાગર મંજૂષાનો પ્રથમ અંક પ્રકાશિત થયો. એક વાત ચોક્કસ કહીશ કે આ મુખપત્રનું નામ 'નાગર મંજૂષા' સૂચવેલું શ્રીમતી સુહાની દીક્ષિતે. નાગર મંજૂષાના પહેલા થોડા પ્રકાશિત અંકો માટે જેમણે પોતાનો અમૂલ્ય સમય ફાળવ્યો એ ડૉ. શ્રીમતી રાજશ્રી ત્રિવેદી અને શ્રી મોનીશ રાણાનો ખૂબ આભાર. ત્યાર બાદ જે બંને તંત્રીઓની મહેનતથી નાગર મંજૂષાએ નવાં સોપાન સર કર્યાં એ બંને તંત્રીઓ એટલે શ્રીમતી દીના વછરાજાની અને સ્વ. શ્રીમતી સુહાની દીક્ષિત. જે જુદાં જુદાં વિશેષાંકો પ્રકાશિત થયાં છે એનું મુખ્ય શ્રેય સુહાની દીક્ષિતને જાય છે કે જેણે આવા હટકે વિષયો સૂચવ્યા. દીનાબેન વછરાજાની ખૂબ સરસ વાર્તાઓ લખે છે અને જુદી જુદી જગ્યાએ એમની ઘણી વાર્તાઓ પ્રકાશિત થઈ છે અને અપાર લોકચાહના પામી છે. દીનાબેન આજ સુધી નાગર મંજૂષા સાથે જોડાયેલાં છે એનો અપાર આનંદ છે. સુહાનીની વિદાય પછી એવા જ એક સાહિત્યપ્રેમી અને અનુભવી એવાં શ્રીમતી વારિણી ત્રિવેદી સહતંત્રી તરીકે જોડાયાં છે એનો રાજીપો છે. નાગર મંજૂષામાં થોડા સમય માટે જોડાયાં, પણ જેમનો અપાર સ્નેહ મળ્યો એવા સ્વ. શ્રીમીતી રેખા અવાશિયા અને સ્વ. શ્રી ભદ્રાયુ વૈષ્ણવને કેમ ભૂલી શકાય? અને અંતમાં નાગર મંજૂષાને પોતાના સ્નેહસિંચનથી જેમણે ઉછેર્યું એવા અમારાં કલમકસબીઓ અને વાચકમિત્રોના આભાર સાથે માત્ર નાની વિનંતી કે તમારા 'નાગર મંજૂષા' પ્રત્યેના પ્રેમમાં ભરતી જ આવે, ઓટ ક્યારેય નહીં... માન્ય રાખશો ને?

– નેહા યાજ્ઞિક
(આમંત્રિત તંત્રી)

શ્રી વડનગરા નાગર મંડળ - મુંબઈનું મુખપત્ર
નાગર મંજૂષા

# આખું વિશ્વ જાણે કે 'આંગળીના ટેરવે' સમાઈ ગયું



અલ્પા શુક્લ

મોબાઈલ, ટેક્નોલૉજી અને એઆઈ – અસર અને અવસર, આ શબ્દોથી આજે કોઈ પણ અજ્ઞાત નથી. આજના યુગને આધુનિકતાનું નામ આપીને કદાચ આપણે આગળ વધતા ટેક્નોલૉજીના અવસરને વધાવવાને બદલે તિરસ્કૃત કરતાં હોઈએ તેવું લાગે છે.

આજના વિષયના સંદર્ભે આપણું જ્ઞાન અને તેના વિશેની માહિતી કદાચ એટલી બધી વિસ્તૃત છે કે માણસના વિચારો જ્યાં અટકી જાય છે ત્યાં મોબાઈલ નામનું એક નાનું યંત્ર વિચારોને દોડવાની પ્રેરણા આપે છે.

આ નાનું એવું યંત્ર માનવજીવનમાં ઘણા જ ફેરફારો લઈને આવ્યું છે. આજથી થોડાં વર્ષો પૂર્વેના માનવીના જીવનની ઘટમાળ અને રોજિંદી જીવનની ગતિ શાંત ઝરણાંની જેવી ખળખળ વહેતી છતાં જીવનના દરેક વળાંકોને વેગ આપતી હતી. માનવજીવનમાં વિકાસની ગતિએ વેગ પકડ્યો જ્યારથી માનવ-માનવ વચ્ચે વિચારોનું આદાનપ્રદાન દૂરસંચાર માધ્યમ દ્વારા વ્યક્ત થવા લાગ્યું અને આખું વિશ્વ જાણે કે 'આંગળીના ટેરવે' સમાઈ ગયું હોય તેવું લાગે છે.

મોબાઈલ અને ટેક્નોલૉજીના ફાયદા અગણિત છે. જે દ્વારા આજનો માનવી ગણતરીના કલાકોમાં ઘણું શીખી જાય છે. આખા માનવસમુદાયમાં રહેલી આવડત સહજતા અને સરળતાથી એકબીજાને

સાંકળવાનું કામ મોબાઈલ દ્વારા ખૂબ ઝડપી અને સુપેરે ચાલી રહ્યું છે. ચાહે તે નાણાકીય વ્યવહાર હોય, મનોરંજન ક્ષેત્ર હોય કે શિક્ષણ હોય. કદાચ આપણી રોજિંદગી ક્રિયાઓમાં પણ હવે મોબાઈલ વગરની દુનિયાને જોવી તે અકલ્પનીય છે. અગાઉ જે કામ સમજવા કે કરવા માટે આપણે સમય અને શીખવાની પણ કદાચ મર્યાદા રહેતી હતી.

આ જ મોબાઈલના આટલા બધા ફાયદા હોવા છતાં પણ ક્યાંક તેની આડઅસર પણ આપણે જોઈ શકીએ છીએ. નાનું બાળક હોય કે વડીલવર્ગ હોય, મોબાઈલ વગર તેની દુનિયા જ જાણે બંધ હોય તેવું લાગે છે. વળી શારીરિક સમસ્યા અને અંગત વ્યક્તિગત ગોપનિયતા જાણે જોખમકારક બની રહ્યું છે. વળી છેલ્લા થોડા સમયથી તો ''એઆઈ'' (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્ટ)ની ટેક્નોલૉજી અત્યંત ઝડપથી માનવજીવન સાથે વણાઈ ગઈ. આ ટેક્નોલૉજીથી લોકોનું ભૌતિક જીવન ખૂબ સરળ બની રહ્યું છે, પણ તેનાં બીજાં પાસાં તરફ નજર કરીએ તો લોકોની બુદ્ધિક્ષમતા, કાર્યકુશળતા, નૈતિક જવાબદારી પર ઘણી ગંભીર અસર પડી છે.

આજનો માનવી ''સુખી છે. ખુશ નથી'' કારણકે આ નવી ટેક્નોલૉજીથી એકલતાની ગર્તમાં જતો રહ્યો છે. પરિવાર, કુટુંબભાવના, સંતોષ જેવો જિંદગીનો સાચો મકસદ ભૂલી ગયો છે. વધુ તો શું કહીએ પણ આજની નવી પેઢી જીવનમૂલ્યોને જાળવીને ટેક્નોલૉજી સાથે સાતત્ય જાળવે તેવી અદમ્ય ઈચ્છા રાખીએ અને ભાવિ પેઢીને ટેક્નોક્રેટના અતિક્રમણના અતિરેકને શિક્ષિત કરવાના અવસરમાં ફેરવે તેવું ઈચ્છીએ.

**– અલ્પા શુક્લ**



# મમ્ પર વાયરસે એટેક કર્યો છે



દીના વછરાજાની

બી....પ...,બી.......પ.....

બી....પ.....બૂ.....પ.......જેવા તીણા અવાજ સાથે સોફિયાએ પોતાની કાંડાઘડિયાળમાં રહેલા રીમોટથી પડદો ખસેડી કાચની દીવાલ ખુલ્લી કરી. સામે આકાશને અડતાં બિલ્ડિંગો ઊભરાતાં હતાં. રેસ્ટિંગ લેગને અનલોક કર્યો અને હવે રીલેક્સ થતી આરામખુરસી જેવા આ પગ પર બેઠી. શરીર તો આરામ કરતું હતું, પણ એનું મન તો ક્યારનુંય રેસ્ટલેસ હતું. કુરી એટલે એનો વર તો રોજની જેમ સવારથી વર્ક સ્ટેશન પર જ હતો અને એની ઑફિસનાં કામમાં લાગેલો હતો. ઑફિસનું કામ ન હોય તો એ પોતાના ફનઝોનમાં જઈ વર્ચ્યુઅલ (આભાસી) ટૂર લઈ ફરતો હોય કે પછી કોઈ ફ્રેંડ સાથે વીડિયો કોલ પર હોય એટલે એની દુનિયા આ બે વિભાગમાં જ વસતી હતી. હા! જ્યારે ઇન્ટિમેટ (નજીક-સહવાસ) થવાનું શીડ્યુલ હોય ત્યારે એ અચૂક સોફિયા પાસે હાજર થાય જ, પણ આ વીકમાં તો એની ઑફિસનું ઑડિટ ચાલતું હતું એટલે કેટલાય દિવસથી એણે એવો પ્રોગ્રામ જ નહીં બનાવેલો અને આઇબો ...સોફિયાનો દીકરો તો હવે ટીનએજ પાર કરવા આવ્યો હતો. એ તો લેટેસ્ટ ટેકનોલૉજી જ પોતાના પ્રોગ્રામિંગમાં વાપરતો એટલે એની તો કેટલીય વાતો સોફી સમજી જ ન શકતી!

હજી હમણાં જ થોડીવાર પહેલાં એની કાંડા ઘડિયાળ કમ સ્પીકરફોન પર આઈબો સાથે વાત થઈ ''હેલો..હેલો..મોમ...'' અને પોતે તો સવારથી પહેલી વાર એનો અવાજ સાંભળી જૉય (આનંદ) ફીલ કરવા માંડી અને એનું મોઢું જોવા એને વીડિયો ઑન કરવાનું કહેતી જ હતી ત્યાં તો એ જરા ગુસ્સાથી બોલ્યો ''મોમ..તેં કીચનમાં સ્પાયસીસ નાખી કંઈ ખાવાનું બનાવ્યું છે? મેં તને કેટલી વાર ઇનફૉર્મ કર્યું છે.. ધીસ ફ્યુમ્સ (ધુમાડો) મારા પ્રોગ્રામને ડિસ્ટર્બ કરે છે. હું મારા સ્ટડી પર કોન્સન્ટ્રેટ (ધ્યાન) નથી આપી શક્તો...... આજે તો મારી પૂરી ડિસ્ક ખરાબ થઇ ગઇ જલદી રીબૂટ પણ નહીં થાય. મારી ગર્લફ્રેન્ડ કેરોલ સાથે પણ મારી મીટિંગ શેડ્યૂલ હતી એ પણ નહીં થાય. હું એની ક્લોઝ નહીં આવું તો ફિઝિકલ કેવી રીતે થઈશ? યુ આર સ્પોઇલિંગ માય લાઇફ!'' સોફીને ઘણુંય કહેવું હતું.... ''દીકરા તું નાનો હતો ત્યારે કોઈ વાર હું બનાવતી એ બટાટાપૌવા તને ખૂબ ભાવતા ...આજે મને મારી દાદીની જેમ કૂક કરી એકવાર તને એ ખવડાવવાનું મન થયું...... ન થવું જોઈએ પણ થયું! એ ખાવા તું આવે તો તારી સાથે વાત કરવાનું પણ ખૂબ મન થયું......'' પણ એના મોઢામાંથી અલગ જ શબ્દો નીકળ્યા, ''સૉરી, હું એકઝોસ્ટ ફેનથી ફ્યૂમ્સ બહાર ફેંકૂ છું અને હા! આ ટેન્શનમાં તું તારી ફૂડ ટેબ્લેટ લેવાનું ન ભૂલતો.''

''મમ્! ડૉન્ટ એક્ટ હ્યુમન'' કહેતાં આઇબોએ ફોન મૂકી દીધો.

આ સાંભળી સોફીના મગજમાં ઝબકારો થયો. 'બે-ત્રણ દિવસથી એને લોકો સાથે લાગણીભરી વાતો કરવાનું મન થતું હતું. મનમાં પણ કંઈક લાગણી જેવું અનુભવાતુ હતું! આ બધું કંઈ બરાબર તો નથી' પોતાની



જ ચિંતામાંથી છુટકારો મેળવવા એ બીઝી થઈ ગઈ. હાઉસ ક્લીન હતું તોપણ સફાઈ માટે નાના રોબોને ચાલુ કરી દીધો. ઑનલાઈન જઈ નવા-નવા ફ્લેવરની ફૂડ ટેબ્લેટ, કપડાં, નવા ગેઝેટ્સ વગેરે ઑર્ડર કરી દીધાં. એક-બે ફ્રેન્ડસ સાથે ચેટ કર્યું. સીસ્ટમ ક્લીનિંગ સોલ્યુશન મંગાવ્યું. આ અનુભવાતી લાગણીઓને સાફ કરવા જ તો! ત્યાં સાંજ પડી.

કુરી કંઈક વહેલો ફ્રી થયો તે એના રૂમમાં આવી બોલ્યો, ‘‘હાય! સોફી મને અહીં જોઈ તને નવાઈ લાગશે, પણ ટાઈમ મળે તો આજે તને મળવાનો આ મારો સેકંડ લાઈન પ્રોગ્રામ હતો.’’ સોફી તો એને જોઈ ખુશ થઈ એને મન થયું કુરીને વળગી પડે. એના માથામાં હાથ ફેરવે, ખૂબ ખૂબ વાતો કરે..... એ ઝડપથી એને ભેટવા ધસી એવો જ કુરી બોલ્યો ‘‘લેટ મી ટેક એ લવ પીલ. પછી દસ મિનિટે આપણે પ્રેમ કરીએ.’’ સોફી માટે પણ આ બધું સામાન્ય હતું, પણ આજે તબિયતની ગડબડને કારણે એને વિચાર આવ્યો ‘‘આ પ્રેમ પણ માપી-તોલી - નિયત કરેલા ટાઇમે જ કરવાનો!?’ ખબર નહીં કેમ એની આંખની પાંપણો હલીને આંસુનાં બે ટીપાં સરી પડ્યાં!

એ આંસુ જોઇ કુરી તો ઘાંઘો થઈ ગયો ‘‘ઓહ! ટીયર્સ! એટલે તારા જીન્સ માણસ જેવી લાગણી તારા શરીરમાં ઉત્પન્ન કરી રહ્યાં છે.....નો! યોર બોડી ઇઝ કરપ્ટેડ!!’’ એની બૂમ સાંભળી આઇબો દોડી આવ્યો મમાની હાલત જોઈ, એના રોગનાં ચિહ્નો જોઈ એ એકદમ ટેન્શનથી બોલ્યો ‘‘પા, મને લાગે છે મમ્ પર વાયરસે એટેક કર્યો છે. એના ડીએનએ કરપ્ટ થઈ જૂના માણસો જેવા થઈ રહ્યા છે... તમે ન્યૂસમાં જોયું આ નવા વાયરસ ખતરનાક ચેપી છે! મમાને આઇસોલેટ કરવી પડશે. નહીં તો આપણને પણ ચેપ લાગશે!’’

કુરી તરત જ સોફીથી દૂર ખસી બોલ્યો ‘‘યસ યસ આ વાયરસનાં જ ચિહ્નો છે. સોફી તું આ રૂમથી બહાર ન નીકળતી. આરામ કરી તને રીબુટ કર.... તારી પાસે ત્રણ દિવસ છે. નહીં તો પછી હૉસ્પિરીપેર (હૉસ્પિટલ+રીપેર)માં એડમિટ થવું પડશે.’’

સોફીને રૂમમાં લોક કરી બાપ-દીકરો બહાર નીકળ્યા કે તરત જ આઇબો બોલ્યો, ‘‘પા.. આ બહુ જ ખતરનાક વાયરસ છે. મમાની કરપ્ટ સીસ્ટમ ઠીક ન થાય તો મમાને સ્ક્રેપ કરવી પડશે અને આપણે તરત જ ઘર સેનેટાઇઝ કરીએ નહીં તો આ ચેપ લાગશે તો આપણે પણ આટલા સ્માર્ટ રોબો-મેનને બદલે સ્ક્રેપ (ભંગાર) થઈ જશું.’’

બે મિનિટ પછી.... સોફીમાં ઘૂસેલા જૂના માણસના વાયરસ પ્રાર્થના કરી રહ્યા હતા ‘ભગવાન, મારા પતિ અને દીકરાને ચેપ ન લાગે. એમને સલામત રાખજે.’

અને બહાર પેલા બંને ફોન કરી રહ્યા હતા ‘‘બી....પ બૂ...પ.. હે..લ્લો..... સેનેટાઇઝેશન ડીપાર્ટમેન્ટ? અમારા ઘરમાં જૂના માણસના ખતરનાક વાયરસ ઘૂસી ગયા છે. પ્લીઝ, આવીને અમારું ઘર ફ્યુમીગેટ કરી જાઓ....’’

**- દીના વછરાજાની**

# સાધન સાધ્ય બની જાય ત્યારે મુશ્કેલી સર્જાય



દિનેશ ધોળકિયા

આદિ માનવનો માનવી તરીકે વિકાસ થયો ત્યારે ચક્ર અને અગ્નિની શોધે ક્રાંતિ સર્જેલી. પછી ધીમે ધીમે ઘણી બધી શોધો આવી અને માનવીનું જીવન સરળ બનતું ગયું, પણ ફરી વાર, વર્ષો પછી પહેલાં ફોન અને પછી મોબાઈલની શોધ એક નવી જ ક્રાંતિ લઈ આવી. ટેલીગ્રામ, રેડીઓ, ટેલીવિઝન અને દોરડાવાળા ફોન ઘણો સમય જીવનમાં ખૂબ મોટી સગવડતા આપવા લાગ્યા, પણ ક્રાંતિ સર્જી મોબાઈલે.

હજારો માઈલ દૂર બેઠા મિત્રો સ્વજનો સાથે જાણે મળતા હોઈએ એમ વાત થવા લાગી એ મોબાઈલને કારણે. જે સાદા દોરડાવાળા ફોન જેણે ખૂબ સેવા કરી એ ડબલું તરીકે ઓળખાવા લાગ્યા. વાત છેલ્લાં ૨૫-૩૦ વર્ષની જ છે. આ લખનારે જયારે ૧૯૮૭માં ફોન નોંધાવ્યો, એ વખતે નોંધણી થાય પછી વારો આવે, ત્યારે લોકોએ મશ્કરી કરેલી, તમે ફોનનું શું કરશો! પણ બહુ ઝડપથી તમારી પાસે મોબાઈલ નથી? એવું સમાજમાં મશ્કરી કથન ફરવા લાગ્યું.

મોબાઈલ માત્ર દૂરસંચારનું માધ્યમ જ ન રહેતાં ઘણું બધું બની ગયો. એમ કહી શકાય કે મોબાઈલનું સ્થાન વ્યક્તિના જીવનમાં એક અંગત મિલકત જેવું બની ગયું. લોકોના જીવનમાં  ડેટા, નેટ, જીબી,

રેમ, રીલ જેવા શબ્દો ખીસાં રૂમાલની જેમ ઘૂસી ગયા. ત્યાં સુધી કે લોકોનાં ખીસાં પાકિટ અને કાંડા ઘડિયાળનું સ્થાન મોબાઈલ બની ગયા. આજકાલ પાકિટ વગર ચાલે, મોબાઈલ વગર ન ચાલે. એક જમાનામાં લોડ અનલોડ વિષે લોકો જાણતા આજે અપલોડ અને ડાઉનલોડ વિષે જાણતા થઈ ગયા છે.

કાંડા ઘડિયાળમાં સમય તો એ જ ગતિએ ફરતો, પણ સમયનું સ્થાન મોબાઈલમાં આવતાં એ નાના રૂપિયાના ગોળ સિક્કાને બદલે ગાડાના પૈડા જેવો થઈ ગયો. મોબાઈલ નામનો યક્ષ રોજ માનવજીવનમાં નવી ટેકનોલૉજી લઈને આવવા લાગ્યો. ફોટા, સંદેશા, વીડિયો, દસ્તાવેજ, આમંત્રણ ત્યાં સુધી કે લગ્નની કંકોતરી પણ ગણતરીની ક્ષણોમાં હજારો માઈલો દૂર મોકલી શકાય એવી સુવિધા આવી ગઈ. ગુણવંત શાહ સાહેબે એક જગ્યાએ નોંધ્યું હતું કે આજનો યુગ સૌથી નસીબદાર લોકોનો યુગ છે, જેમાં લોકો માઈલો દૂર હોય છતાં સંપર્ક રાખી શકે.



૨૧મી સદી એ નવી નવી ટેક્નોલૉજીની સદી છે, પણ એમાં મોબાઈલમાં નવી ટેક્નોલૉજી ઉમેરાતી ગઈ, એણે માનવજાત પર આશિષ વરસાવી એમ કહી શકાય. એમાં એક નવો જ ઉમેરો એટલે એઆઈ ટેક્નોલૉજી. એઆઈ એટલે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્ટ. જેમાં કૉમ્પ્યુટરની મદદથી કોઈ પણ મશીનમાં માનવ જ્ઞાન, માહિતી, વિચારો, લાગણીઓ અપલોડ કરવા અને એનો ઉપયોગ કૉમ્પ્યુટરથી કરવો.

જેમ મોબાઈલની શોધ એ ક્રાંતિ હતી એમ એમાં જ બીજી ક્રાંતિ એટલે એઆઈ. મનુષ્યને એક અવસર મોબાઈલ થકી મળેલો આજે બીજો એઆઈ થકી મળ્યો. જેમ મોબાઈલ માનવ જીવનમાં ખીસાં, પાકિટ અને સંબંધોમાં ઘૂસી ગયો એમ જ એઆઈ ટેક્નોલૉજી માનવજીવનમાં બજાર, કૌશલ્ય, લાગણીઓ અને રોજિંદી ઘટમાળમાં ઘૂસી ગઈ.

હવે આપણી સામે પ્રશ્નો ઊભા થયા કે આ બધી નવી શોધની અસર એ અવસર છે કે અભિશાપ? જો બધું કામ એઆઈ જ કરશે તો માણસો શું કરશે? એઆઈ માણસો જેવું જ કામ અને ઝડપથી કરશે, પણ માનવીય લાગણીઓનું શું? આવા પ્રશ્નોની હારમાળા અત્યારે ચાલી રહી છે. એક બાજુ રોજગાર માટે બધા દેશો ફાંફાં મારી રહ્યા છે ત્યારે એઆઈ આવતાં બેકારી વધતી જાય એવી નોબત આવતી જાય છે.

મોબાઈલની શોધ પછી લોકો જીબી, રેમ, ડેટા વગેરે સમજવા લાગ્યા હતા એમાં ટેક્નોલૉજી ઉમેરાતાં મોબલીન્ચિંગ, નેપોટીઝમ, વાયરલ જેવા શબ્દો પણ ઉમેરાતા ગયા. આ નવી ટેક્નોલૉજીએ ઝડપથી માનવજીવન પર પોતાનો ઓછાયો પાથરવાનું શરૂ કરી દીધું. જંગલમાં રોજ એક રાક્ષસ આવે અને માણસને ખાઈ જાય એમ આ ટેક્નોલૉજી રોજ માનવજીવનમાંથી કશુંક ખાઈ જાય છે. એનો સૌથી વધુ ભોગ સંબંધો અને લાગણી બન્યાં. જે માહિતી પ્રસારણનું માધ્યમ હતું, સાધન હતું એ સાધ્ય બની ગયું. જે ખીસાં અને પાકિટ સ્થાને હતો એ હૃદય અને મગજ પર સવાર થઈ ગયો. મોબાઈલ જે સગવડ હતી એ વ્યસન બની ગયો.

છરીની શોધ શાક અને કશુંક સમારવા માટે થઈ હતી. લોકો એનો ઉપયોગ કાપવામાં અને મારવામાં કરવા લાગ્યા. એમ જ જે મોબાઈલ માણસોને માઈલો દૂર હોવા છતાં જોડી રાખતો એ જ મોબાઈલને કારણે લોકો એકબીજાથી યોજનો દૂર જતા રહ્યા! જે સાધન વાપરવામાં આપણે વિવેકબુદ્ધિ ખોઈ બેઠા છીએ એ જ સાધન હવે નવી વાત લઈને આવે છે, એઆઈનો સમજપૂર્વક અને યોગ્ય ઉપયોગ ચોક્કસ માનવજાત માટે આશીર્વાદ સમાન સાબિત થઈ શકે, પણ જો એ શોધ માનવજીવન પર હાવી થઈ જશે તો નક્કી અભિશાપ બનશે.


નક્કી આપણે કરવાનું. કરી શકશું?

**– દિનેશ ધોળકિયા**

# એઆઈ માહિતીદર્શક છે, માર્ગદર્શક મિત્ર-હિતેચ્છુ નહીં



ડૉ. કોષા મંકોડી




આજકાલ જેની સર્વત્ર બોલબાલા છે એ છે AI (એઆઈ) - આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ. આ એક ડિજિટલ આસિસ્ટન્ટ એટલે કે આપણો સહાયક છે. એણે અનેક વિષયોની અઢળક માહિતી આપણી આંગળીના ટેરવે મૂકી આપી છે. વળી, એની આપેલી માહિતી આપણા પ્રશ્નો અને આપણી જરૂરિયાત મુજબ હોય છે. પાછું આપણી સેવા માટે એ સદાય ઉપલબ્ધ હોય છે, તમે ઇચ્છો ત્યારે એને કોઈ પણ સમયે કંઈ પણ પૂછી શકો છો. એ ખૂબ જ ઝડપથી તમારા સવાલનો સાચો જવાબ આપે છે. આ કૃત્રિમ બુદ્ધિમાન (એઆઈ) અલગ-અલગ ભાષાઓમાં જવાબ આપી શકે છે. તમે ઇચ્છો એ ભાષા એનાથી શીખી શકો અને ભાષાંતર પણ કરાવી શકો.

આટલું જ નહીં, એ તમને તમારી જરૂરિયાત મુજબ નવા આઇડિયા અને સૂચનો પણ આપે છે. જેનો તમે તમારાં રોજિંદાં કામકાજમાં ઉપયોગ કરી પહેલાં કરતાં વધુ સારી રીતે ઘર, અભ્યાસ, વ્યવસાય વગેરે કાર્યોમાં બધું આયોજન સરળતાથી કરીને તમારા ઉદ્દેશમાં સફળ થઈ શકો છો. કેટલીક રોજબરોજની નાની નાની મુશ્કેલીઓમાં કોને કહેવું કે કોને પૂછવું એ સમસ્યાનો

સરળ અને સચોટ ઉપાય છે એઆઈ, એ પણ હાથવગો. વળી, એને પૂછવામાં શરમ-સંકોચ કે નાનમ પણ નથી લાગતી અને તમને બધી જ જાણકારી સાવ મફતમાં આપે છે, કોઈ અલગ ચાર્જ કર્યા વગર...

આપણો આ સહાયક વિશ્વસનીય નેટવર્ક, સરકારી વેબસાઈટ, રિસર્ચ જર્નલ-પેપર, ડેટા અને મશીન લર્નિંગના આધારે માહિતી આપે છે અને આપણી સાથે થયેલ પ્રશ્નોત્તરીમાંથી પણ એ નવું શીખે છે તથા સતત અપડેટ થયા કરે છે. આપણા માટે માહિતીની સાથે સાથે સૂચનો અને વિકલ્પો પણ આપે છે.

આટલી બધી ખૂબીઓ હોવા છતાં એનામાં કેટલીક ખામીઓ પણ છે. એ આપણને ફક્ત એનામાં સ્ટોર થયેલી માહિતી અનુસાર જવાબ આપે છે. એને અંગત રીતે એ બાબતોનો કોઈ જ અનુભવ હોતો નથી. એઆઈ લાગણીને સમજી શકતું નથી, કારણ એ એક યંત્ર છે, જીવંત વ્યક્તિ નથી. એ માહિતીદર્શક યંત્ર છે, માર્ગદર્શક મિત્ર કે હિતેચ્છુ નહીં. તેથી એની માહિતી ક્યારેક ખોટી પણ હોઈ શકે છે. આ ખામીઓમાં સુધારો કરવાની જરૂર છે. સૌથી મોટી પરતંત્રતા એ છે એઆઈની કે એ નેટવર્ક પર આધારિત છે. જ્યાં નેટવર્ક ન મળે ત્યાં એ તમને મદદરૂપ થઈ શકતું નથી.

તેમ છતાં, માનવ ઈતિહાસમાં આ એઆઈ એક ચમત્કારથી જરા પણ ઓછું નથી. તેની મદદથી ઓછું જાણતા લોકો પણ જાણકાર બની શકે છે. એ કામકાજ સરળ અને ઝડપી બનાવે છે. સમય અને ખર્ચ બચાવી સારી સફળતા અપાવે છે. હા, તૈયાર જવાબ મળવાને લીધે માણસ કલ્પના કરવાનું, વાંચવા, વિચારવાનું છોડીને એઆઈ પર આધાર રાખતો થઈ જાય એ ઘણે અંશે શક્ય છે.

પણ આ એઆઈની જેમ કેટલીક મર્યાદાઓ છે એમ જ કેટલાંક ભયસ્થાનો પણ છે. બીજી ઘણી ઉપયોગી ચીજો - બાબતોની જેમ એનો દુરુપયોગ થઈ શકે છે અને થાય પણ છે જ. અવારનવાર સમાચાર મળે છે કે ફ્રોડ (છેતરપિંડી) થયો, સાઈબર અપરાધની ઘટનાઓ બની, ખોટી માહિતી ફેલાવીને પ્રોપેગેન્ડા ઊભો કરી સમાજના લોકોને ગેરમાર્ગે દોર્યા અને એવું ઘણું બધું.

એવા કડવા અનુભવથી બચવા માટે ડેટા સુરક્ષા, નિરીક્ષણ અને નિયંત્રણ જેવાં પગલાં લેવામાં આવે જ છે. છતાં, મુઠ્ઠીભર લુચ્ચા લોકોની લુચ્ચાઈનો ઘણા ભોળા લોકો ભોગ બની જતા હોય છે.

ઉપલબ્ધ સેવાઓ અને સુવિધાઓનો યોગ્ય રીતે જીવન સરળ અને સફળ બનાવવા ઉપયોગ જરૂર કરવો અને એનો બીજાને નુકસાન કરવા દુરુપયોગ ન કરવો એ વિવેક માણસજાતે કેળવવો જ રહ્યો. એ માટે સ્વશિક્ષણ અને જાગરૂકતા રાખવી જરૂરી છે. Use AI wisely, but don't depend on it always.

**- ડૉ. કોષા મંકોડી**

# એઆઈને લીધે માનસિક કસરતનું પ્રમાણ ઘટ્યું છે



ડૉ. મિહિર વોરા


મિત્રો એક અખબારી રિપોર્ટ અનુસાર ગૂગલે આગામી દાયકામાં ટેક્સાસમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)માં ૪૦ અબજ ડૉલરના રોકાણની જાહેરાત કરી છે ત્યારે ગૂગલના જ સીઈઓ સુંદર પિચાઈએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સામે આંખ મીંચીને વિશ્વાસ કરતા તમામ ઉપયોગકર્તાઓને ચેતવણી આપી છે કે, એઆઈ જે પણ કંઈ બતાવે છે તેના પર આંધળો વિશ્વાસ કરવો જોઈએ નહીં. આ લેખમાં મેં માત્ર માહિતી આપી છે - વિવિધ સંદર્ભ આધારિત જેની નોંધ લેવા વિનંતી છે

અને એઆઈમાં રોકાણનો ફુગ્ગો ફાટશે ત્યારે ગૂગલ સહિત કોઈ પણ કંપની તેની વિપરીત અસરોથી બચી શકશે નહીં. ઉપરાંત એઆઈ ટેક્નોલૉજીમાં ભૂલની સંભાવના વધુ છે. ગૂગલે આ વર્ષે મે મહિનામાં પોતાના સર્ચમાં એઆઈ મોડ શરૂ કર્યું હતું, જેમાં જેમિની ચેટબોટ મારફત વપરાશકારને કોઈ પણ નિષ્ણાત સાથે વાત કરતા હોય તેવો અનુભવ મળે છે.

મિત્રો એક અખબારી રિપોર્ટ આપણા રોજિંદા જીવનમાં એઆઈ (આર્ટિફિશિયલ

ઈન્ટેલિજન્સ) અને ડિજિટલ ટુલ્સનો ઉપયોગ સતત વધી રહ્યો છે, ત્યારે ખૂબ જ સરળ કામગીરી માટે પણ ટેક્નોલૉજી ઉપરની નિર્ભરતા સામે ડૉક્ટરો ચેતવણી આપી રહ્યા છે. ડૉક્ટરોના મતે આ ટુલ્સ કાર્યક્ષમતા વધારવામાં મદદરૂપ બને છે, ત્યારે તેનો વધુ પડતો ઉપયોગ મગજની કુદરતી પ્રવૃત્તિઓ અને કલ્પનાશક્તિને મર્યાદિત કરે છે.

ડૉક્ટરો એમ પણ કહે છે કે અગાઉ લોકો રસ્તાઓ, ફોન નંબર અથવા કોઈ પણ કામ યાદ રાખતા હતા. આ આદતોથી મગજ સક્રિય રહેતું હતું. આજે, નેવિગેશન એપ, રિમાઇન્ડર્સ અને ડિજિટલ લિસ્ટે સ્વાભાવિક યાદશક્તિનું સ્થાન લઈ લીધું છે, જેના પરિણામે માનસિક કસરતનું પ્રમાણ ઘટ્યું છે.




જે વસ્તુ આપણી યાદશક્તિમાં વધારો કરતી હતી, તે હવે ડિવાઇસ દ્વારા થઈ રહી છે. અલ્ઝાઈમરની સમસ્યા સામાન્ય રીતે ૬૦ થી વધુ વયની વ્યક્તિમાં જોવા મળે છે, પરંતુ છેલ્લાં કેટલાંક વર્ષથી તેમાં ટ્રેન્ડ બદલાયો છે અને હવે ૫૦ની વયની આસપાસની વ્યક્તિમાં પણ અલ્ઝાઈમરનાં લક્ષણો જાવા મળી રહ્યાં છે. અલ્ઝાઈમરનાં આ પ્રકારનાં પ્રારંભિક લક્ષણો જોવા મળે ત્યારે જ સારવાર કરવામાં આવે તો અલ્ઝાઈમર વધુ હાવી થતાં અટકી શકે છે.

મિત્રો આપણે કલ્પના પણ ન કરી શકીએ તેટલી ઝડપથી નવી ટેક્નોલૉજી આવી રહી છે અને બદલાઈ રહી છે ઉપરાંત માણસના જીવનને પણ બદલી રહી છે. દરેક ક્ષેત્રમાં ટેક્નોલૉજીએ નોંધનીય કામ કર્યું છે. આથી માનવજીવનમાં સુવિધાઓ વધી છે અને ધંધા-વ્યવસાય અને વેપારનાં સાધનો-રીત બદલાઈ છે. માનવજીવન વધુ સરળ બન્યું છે, પણ એવું પણ લાગે છે કે આ ઈન્ફોર્મેશન ટેક્નોલૉજીની ક્રાંતિ માનવજીવનને અસ્તવ્યસ્ત કરી નાખશે. માણસની બુદ્ધિ કરતાં મશીનની બુદ્ધિ વધુ કામ

કરતી થશે ત્યારે ફરી માણસ ગુલામ નહિ બને ને? આ ચિંતા હવે સમગ્ર માનવજાતને ડરાવી રહી છે અને તેની અનેક હિન્દી અને અંગ્રેજી ફિલ્મો સિરિયલ આપણે જોઈ છે હવે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના આવિષ્કારે દુનિયાને વિચારતી કરી દીધી છે આથી ઘણા દેશો એઆઈને અંકુશમાં રાખવા જણાવી રહ્યા છે. તો ઘણા દેશોએ એઆઈ ઉપર આગળ વધવા પ્રતિબંધ મૂકી પણ દીધા છે, પણ આ ટેકનોલૉજી (AI)ને અટકાવી શકાય તેમ નથી. કહો તે કરી આપે તેવી આ 'આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ'ની ટેકનોલૉજી માણસની કલ્પનાથી પણ એક ડગલું આગળ નીકળી ગઈ છે.

ઉપરાંત તે ટેકનોલૉજી માણસના વ્યવહારો-કામની રીત માત્ર નહીં, પરંતુ માણસના અભિગમ અને વિચારો પણ બદલી શકે તેવી તાકાત ધરાવે છે. ત્યારે માનવજાત માટે આ ટેકનોલૉજી આશીર્વાદરૂપ પણ છે, પરંતુ જો માણસ તેનો ઉપયોગ સારા હેતુ અને સમજદારીથી નહિ કરે તો તેનાથી માણસજાતને થનારું નુકસાન પણ કલ્પનાથી વધારે હશે.તેવું લાગે છે.

૨૧મી સદી હવે માત્ર જ્ઞાનની સદી નથી રહી, પરંતુ ટેકનોલૉજી અને ખાસ કરી ઈન્ફોર્મેશન ટેકનોલૉજીની સદી બની રહી છે, પરંતુ અપેક્ષા કરતાં વધુ ગતિથી AI ટેકનોલૉજી માનવજીવનમાં પ્રવેશી રહી છે.

કોવિડ-૧૯ એટલે કે કોરોના મહામારીએ ડિજિટલ ટેકનોલૉજીને ઝડપથી લોકો સુધી પહોંચાડી દીધી છે. ૨૦૧૬માં નોટબંધીના પરિણામ સ્વરૂપ 'ડિજિટલ પેમેન્ટ'ના દરવાજા ખૂલી ગયા હતા અને બૅન્કિંગ સેકટરમાં ટેકનોલૉજીએ ખૂબ મોટા ફેરફર કર્યા છે.


કોરોના મહામારીને કારણે ગામડાના નાના માણસને પણ ઈન્ફોર્મેશન ટેકનોલૉજીનો પરિચય થયો છે અને તેને વાપરવાની ફરજ પણ પડી છે. એક સમયે શાળાઓમાં મોબાઈલ લઈ જનાર બાળકે મોટો ગુનો કર્યો હોય તે રીતે શાળા અને વાલી વ્યવહાર કરતાં હતાં, પરંતુ કોરોના મહામારીના લોકડાઉનમાં આખી શાળા મોબાઈલમાં બાળકના ઘરે પહોંચી હતી અને રાતોરાત 'ઑનલાઈન' શિક્ષણ શરૂ થયું હતું.

આ ટેકનોલૉજીની મોટી જીત હતી. કોરોના મહામારીમાં ધંધા-વ્યવસાય અને વેપારની રીત પણ બદલાઈ છે.

વર્ક ફ્રોમ હોમ અને વેબિનારની મોટી ભેટ મળી છે. ઑનલાઈન વેપાર અંગે જાગૃતિ આવવાથી ભારતના

અર્થતંત્રને ખૂબ મોટી અસર થઈ છે. ઑનલાઈન વેપાર અને ડિજિટલ પેમેન્ટની સિસ્ટમમાં લોકો હવે જોડાઈ રહ્યા છે.

મિત્રો આ ઈન્ફોર્મેશન ટેકનોલૉજી વાવાઝોડાની માફક આવી છે અને માણસના જીવનમાં સૌથી મોટો ફેરફાર લાવી રહી છે. હજુ ઈન્ફોર્મેશન ટેકનોલૉજીને સમજીએ તે પહેલાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સને કારણે હવે મશીન પણ માણસની જેમ વિચારતું થયું છે.



માણસને જોઈએ તે જવાબ અને જોઈએ તે પ્રકારની માહિતી AI ટેકનોલૉજી આપે છે, પણ સોશિયલ મીડિયાના વપરાશનો અતિરેક માણસને ભારે નુકસાન કરી રહ્યો છે. તેમાં AI ભળતાં હવે જો સમજદારી રાખવામાં નહિ આવે તો માઠાં પરિણામ ભોગવવાં પડશે. આ ડરની સાથે AIથી વિશેષ સુવિધાઓ, સંશોધનો અને શિક્ષણક્ષેત્ર, સંદેશાવ્યવહાર, મેડિકલ સાયન્સ અને સંરક્ષણ હેતુ ખૂબ સારો ઉપયોગ પણ થઈ શકે તેમ છે એટલે AI આશીર્વાદરૂપ પણ છે અને નુકસાનકારક પણ છે.

મોબાઈલની લત બાળકોના શારીરિક અને માનસિક વિકાસને અસર કરી શકે છે. અહીં કેટલીક રીતો છે જેના દ્વારા તમે બાળકોને મોબાઈલથી દૂર રાખી શકો છો, જેમ કે બાળકો માટે મોબાઇલ ઉપયોગનો નિશ્ચિત સમય નક્કી કરો અને તેનું પાલન કરો.

બાળકો સાથે રમતો રમો, વાંચો, અથવા બહાર ફરવા જાઓ. આનાથી તેઓ મોબાઇલ તરફ ઓછા આકર્ષિત થશે. જો બાળક મોબાઈલનો ઉપયોગ ઓછો કરે તો તેને બદલામાં કોઈ સારી વસ્તુ આપો, મોબાઈલને બાળકના રૂમમાં ન રાખીને કોઈ સામાન્ય વિસ્તારમાં રાખો. બાળકોને વાંચન, ચિત્રકામ, સંગીત વગેરે જેવી અન્ય પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રાખો, બાળકો તમારી નકલ કરે છે, તેથી તમારે પણ મોબાઈલનો ઓછો ઉપયોગ કરવો જોઈએ.

મિત્રો તમારી વેબસાઇટ, ઇ-મેઇલ મોબાઈલ પર હેકરોની નજર હોય છે એટલે કેટલીક સાવધાની જરૂરી છે. મોબાઈલમાં સતત બ્લુટુથ ઑન ન રાખવું. બને તો બ્લુટુથનો ઇન્વિઝિબલ મોડ પર ઉપયોગ કરવો. મોબાઇલ ફોન પર પાસવર્ડ રાખવો. મોબાઈલ ફોનને સમયાંતરે અપડેટ

કરાવવો.

અજાણ્યાને કોઇ પણ કારણોસર ફોન ન આપવો. ટેમ્પરરી સિમકાર્ડ નાખવાનું કહે તોપણ અજાણ્યાનું સિમકાર્ડ ન નાખવું. વાઈફાઈનો ઉપયોગ કરતી વખતે સાવચેત રહેવું. આપણને સમજાય તેવાં ફીચર્સ હોય અને જરૂરી પ્રમાણમાં ઉપયોગ હોય તેવો મોબાઈલ ફોન જ રાખવો. મોબાઈલ ફોન અજાણ્યા કૉમ્પ્યુટર કે અન્ય કોઇ ડીવાઇસ સાથે કનેક્ટ ન કરવું.

મોબાઈલ ફોનના રીપેરિંગ માટે બને તો કંપનીના સવર્સિ સ્ટેશનનો જ આગ્રહ રાખવો. મોબાઈલ ફોનમાં ઇલલિગલ પાઈરેટેડ સોફ્ટવેરનો ઉપયોગ ટાળવો. મોબાઇલમાં સતત ઉપયોગ ન હોય તો જીપીઆરએસનો ઉપયોગ કરવાનું પણ ટાળો. અજાણી લિંક કે વીડિયો કોલ ઉપર જવાબ કે લિંક ને ખોલો નહિ.

સોશિયલ મીડિયા અને ટેક્સ્ટ મેસેજ દ્વારા પણ રાજ્યની પોલીસ નાગરિકોને ડિજિટલ અરેસ્ટના નામે છેતરપિંડીનો ભોગ ન બનવા માટે જાગૃતિ ફેલાવી રહી છે. દરેક રાજ્ય પોલીસ દ્વારા સોશિયલ મીડિયામાં સંદેશ આપવામાં આવ્યો છે કે, ડિજિટલ અરેસ્ટથી સાવધાન! નકલી કોલ અને ધરપકડથી બચવા માટે હંમેશા સાવધાન રહો.

જો તમને નકલી પોલીસનો ફોન આવે તો તો થોડું વિચારો અને તરત એક્શન લો. ૧૯૩૦ પર કોલ કરો અને તમારી ફરિયાદ નોંધાવો. છતાં કેટલાક લોકો ડિજિટલ અરેસ્ટના ભોગ બની રહ્યા છે અને તેમાં ભણેલા લોકો પણ સામેલ છે.

ડિજિટલ અરેસ્ટ બાબતે બચવાના ત્રણ સૂત્ર છે જે અમદાવાદ સાયબર ક્રાઈમ દ્વારા STOP, THINK અને ACT જેના ત્રણ નિયમો વિશે જાણકારી આપવામાં આવી છે જેનો અમલ કરીને નાગરિકો ડિજિટલ અરેસ્ટથી બચી શકે છે.

પ્રથમ નિયમ - STOP: કોઈની સાથે તમારી અંગત માહિતી શેર કરશો નહીં.

બીજો નિયમ - THINK: સરકારની કોઈ પણ એજન્સી તમને ફોન પર ધમકી કેમ આપે?

ત્રીજો નિયમ - ACT: જો કોઈ તમને કહે કે તમે 'ડિજિટલ અરેસ્ટ' થઈ ગયા છો, તો જવાબ આપશો નહીં, ફોન કટ કરો અને ૧૯૩૦ પર જાણકારી આપો.

જો તમારા બૅન્ક ખાતામાંથી કોઈ કપટથી પૈસા ઉપાડી લેવામાં આવ્યા હોય અથવા કોઈ અનધિકૃત વ્યવહાર થયો હોય, તો તરત જ ૧૯૩૦ નંબર પર કોલ કરો.

આ નેશનલ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન છે, જે ૨૪x૭ સેવા આપે છે. ઑનલાઈન ફરિયાદ નોંધોઃ નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ (www.cybercrime.gov.in) પર જઈને ફરિયાદ નોંધો. અહીં તમારે છેતરપિંડી વિશે સંપૂર્ણ માહિતી આપવી પડશે, જેમ કે ઘટનાનો સમય, ટ્રાન્ઝેક્શન આઈડી અને અન્ય સંબંધિત દસ્તાવેજો. તમારા વિસ્તારના પોલીસ સ્ટેશનમાં પણ એફઆઈઆર નોંધાવો. અજાણી લિંક પર

ક્લિક કરશો નહીં.

ટેક્નોલૉજી માણસના જીવનને સુવિધાયુક્ત કરી રહી છે, પરંતુ આ જ ટેક્નોલૉજી કે AIનો ઉપયોગ કરીને ડિજિટલ અરેસ્ટ અને ડીપ ફેક, બૅન્કના ખાતામાંથી રૂપિયાની હેરફેર અન્ય ગુનાઓ માણસની હાલત ખરાબ કરી શકે તેમ છે.

પણ જો સુવિધાઓ ઉપરાંત તેની સંભાળનું પૂરતું ધ્યાન રાખવામાં નહિ આવે તો આ સુવિધાઓ મુશ્કેલીઓનું કારણ પણ બની શકે તેમ છે. આપણી પોતાની સાવધાની અને વિવેકપૂર્ણ સમજદારીપૂર્વકનો ઉપયોગ જ આ ટેક્નોલૉજીને કાબૂમાં રાખી શકે છે એટલે હવે આપણે જાતે જ નક્કી કરવું પડશે કે મોબાઈલ ટેક્નોલૉજી અને એઆઈ અસર અને અવસર બંને છે કે શું છે?

સંદર્ભઃ ભારતીય સુરક્ષા સાયબર અપરાધ શાખાની માહિતી, વિકિપીડિયા, વિવિધ અખબારી અહેવાલ, વિવિધ ટેક્નોલૉજીના લેખકના લેખ અને બ્લોગ આધારિત માહિતી.

**– ડૉ. મિહિર વોરા**



## મોબાઈલ, ટેકનોલોજી એન્ડ AI : અસર અને અવસર

# એકજ સિક્કાની બે બાજુ



પાયલ મંકોડી

'મોબાઈલ, ટેકનોલોજી એન્ડ AI : અસર અને અવસ' – એકજ સિક્કાની બે બાજુ. આ વિષય પર આવતાં, મારા મનમાં ઘણા વિચારો આવ્યા, જેમાંથી હું અહીં તમારી સાથે થોડા વિચારો રજૂ કરી રહી છું. તમે સહમત થશો કે મોબાઈલ એક સાધન છે, પણ સાધન શું છે? હિન્દી ફિલ્મ 3 Idiotsમાં, જ્યારે પ્રોફેસરે પૂછ્યું કે મશીન શું છે, આમિર ખાને જવાબ આપ્યો કે ''મશીન એ છે જે આપણા જીવનને સરળ બનાવે છે.'' મશીન પણ એક સાધન છે. જીવનને સરળ બનાવવાનો અર્થ છે સમય, પ્રયત્ન અને પૈસા બચાવવા. ચાલો વેક્યુમ ક્લીનરનું ઉદાહરણ લઈએ; વેક્યુમ ક્લીનર ફ્લોરને ઝડપથી અને સરળતાથી સાફ કરે છે, જોકે, આપણે વેક્યુમ ક્લીનર ચલાવવું પડે છે. બીજી બાજુ, રોબો ક્લીનર્સ પોતાની મેળે કામ કરે છે. આપણે ફક્ત તેમને ચાલુ કરવા પડે છે અને તેમને તેમના કામ પર છોડી દેવા પડે છે. વેક્યુમ ક્લીનર અને રોબો ક્લીનર બંને એક જ કામ કરે છે, પરંતુ રોબો ક્લીનર વધુ સમય અને મહેનત બચાવે છે તે સ્વયં સ્પષ્ટ છે અને તેમાં ટેકનોલૉજી અને AIનો સમાવેશ થાય છે. આ ફક્ત એક જ ઉપયોગનું ઉદાહરણ છે; બીજું એક

ટેકનોલૉજી અને AIનું ઉદાહરણ સ્માર્ટ ફોન છે. આપણે આપણા રોજિંદા જીવનમાં ઘણાં બધાં સાધનોનો ઉપયોગ કરીએ છીએ જે જીવનને સરળ બનાવે છે, જે તમને ટેકનોલૉજી અને AIની અસર અને અવસર સમજવામાં મદદ કરશે.

મોબાઇલ, ટેકનોલૉજી અને AIની અસરને સમજવા માટે, ચાલો માનવ પેઢીની પ્રગતિ જોઈએ (સંદર્ભઃ ગૂગલ):

* ધ ગ્રેટેસ્ટ જનરેશન (૧૯૦૧-૧૯૨૭) - ગાળો ૨૭ વર્ષ
* સાઇલેન્ટ જનરેશન (૧૯૨૮-૧૯૪૫) - ગાળો ૧૮ વર્ષ
* બેબી બૂમેર્સ (૧૯૪૬-૧૯૬૪) - ગાળો ૧૯ વર્ષ
* જનરેશન X (૧૯૬૫-૧૯૮૦) - ગાળો ૧૬ વર્ષ
* મિલેન્નીઅલ્સ (૧૯૮૧-૧૯૯૬) - ગાળો ૧૬ વર્ષ
* જનરેશન Z (૧૯૯૭-૨૦૧૨) - ગાળો ૧૬ વર્ષ
* જનરેશન અહાવફ (૨૦૧૩-૨૦૨૪) - ગાળો ૧૨ વર્ષ
* જનરેશન Beta (૨૦૨૫-૨૦૩૯) - ગાળો ૧૫ વર્ષ

જેમ જેમ પેઢી બદલાય છે તેમ તેમ માનવવિચારો અને વર્તન પણ બદલાય છે. પેઢી દર પેઢી માનવવર્તનમાં પરિવર્તન એ ઉત્ક્રાંતિ છે, પરંતુ ફક્ત વર્ષો પસાર થવાથી ઉત્ક્રાંતિ થતી નથી. ઉત્ક્રાંતિ કુદરતી ઘટનાઓ દ્વારા થઈ શકે છે, જેમ કે પૃથ્વી પર ઉલ્કાપિંડ અથડાવાથી ડાયનાસોરની પ્રજાતિઓનું લુપ્ત થવું, અથવા ઉત્ક્રાંતિ માનવસર્જિત ઘટનાઓ દ્વારા શરૂ થઈ શકે છે. દરેક પેઢી માનવશોધ અને ઘટનાઓથી ભરેલી હોય છે. પેઢી દર પેઢી માનવજાત દ્વારા સર્જાયેલી કેટલીક મહત્ત્વપૂર્ણ ઘટનાઓ નીચે મુજબ છે.

૧) ૧૯મી સદીના મધ્યમાં ઔદ્યોગિક ઉત્ક્રાંતિ- જેના કારણે યાંત્રિક પ્રક્રિયામાં સુધારો થયો.

૨) વિશ્વયુદ્ધ- જેમાં લાખો લોકોના જીવ ગયા અને સંપત્તિનો મોટા પાયે વિનાશ થયો. યુદ્ધ પછી લોકો ખોરાક અને આવશ્યક સંસાધનોની અછતમાં જીવતા હતા,

૩) અવકાશ સંશોધન- જેના કારણે વૈશ્વિક ટેલિકૉમ્યુનિકેશન, ઇન્ટરનેટનો સામાન્ય ઉપયોગ અને

૪) લગભગ ૩૦ વર્ષ પહેલાં સામાન્ય ઉપયોગ માટે મોબાઇલ ફોનનો વધારો અને ૨૦૦૮માં સ્માર્ટ ફોનની શોધ, જેના કારણે AI જેવી ટેકનોલૉજિકલ શોધને વેગ મળ્યો.

જો આપણે ઉપર સૂચિબદ્ધ દરેક પેઢીના સમયગાળાની તુલના કરીએ, તો તમે જોશો કે પેઢીઓ વિકસિત થતાં અંતર ઘટતું જાય છે. આ માનવશોધનો એક પ્રભાવ છે. અન્ય અસરોમાં, તબીબી શોધો સાથે સ્વસ્થ જીવનનો સમાવેશ થાય છે જે આપણા પૂર્વજોની તુલનામાં સ્વસ્થ જીવન તરફ દોરી

જાય છે, જ્યારે કેન્સર અને ડિપ્રેશન જેવા નવા જીવનશૈલીના રોગો સામાન્ય બની રહ્યા છે; વૈશ્વિક મુસાફરી ઝડપી અને સરળ છે, પરંતુ તે વધુ પર્યાવરણીય પ્રદૂષણ તરફ દોરી જાય છે; આખા વર્ષ દરમિયાન ફળો અને શાકભાજી ઉપલબ્ધ હોય છે, પરંતુ પોષણમૂલ્યમાં ઘટાડો થયો છે. આ બધા માનવ જીવનશૈલીમાં બદલી ન શકાય તેવાં પરિવર્તનો છે જેની પોતાની અસર અને પડકારો છે.




મોબાઇલ, ટેકનોલૉજી અને AIના બધા પ્રભાવો અને તકો અહીં નોંધવી અશક્ય છે. ધ્યાનમાં આવતા થોડા મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ છેઃ

અ) ડિજિટલ વૉઇસ અને વીડિયો ટેલિકૉમ્યુનિકેશન્સ જે વિશ્વમાં ગમે ત્યાં, કોઈ પણ સાથે વાત કરવાનું સસ્તું અને સરળ બનાવે છે. જોકે, પરિણામે વ્યક્તિગત ક્રિયાપ્રતિક્રિયાઓ ઓછી થઈ છે.

ઇ) તમારા સ્માર્ટ ફોન, ટેબ્લેટ અથવા લેપટોપ પર આવશ્યક અને બિન-આવશ્યક ચીજવસ્તુઓ અને સેવાઓની હોમ-ડિલિવરી આવશ્યક વસ્તુઓ અથવા મનોરંજન માટે તમારા ઘરની બહાર નીકળવાની જરૂર નથી. જોકે, લોકો હવે એકબીજાથી અને પ્રકૃતિથી અલગ થઈ ગયા છે.

ઈ) કેલ્ક્યુલેટર, કૅમેરા, કંપાસ, જાહેર ફોન બૂથ જેવાં સાધનો લુપ્ત થવાથી નોકરીઓ ખતમ થઈ ગઈ છે. જોકે, નવી નોકરીની ભૂમિકાઓ રજૂ કરવામાં આવી છે જેમાં ડેટા, ટેકનોલૉજી અને AI કૌશલ્યની જરૂર છે.

૨૦૨૦માં કોરોના વાયરસ રોગચાળા દરમિયાન મોબાઇલ અને ટેકનોલૉજિકલ પ્રગતિએ ખૂબ મદદ કરી હતી, પરંતુ તેના કારણે કાયમી ફેરફારો થયા છે. મોબાઈલ, ટેકનોલૉજી અને AI માનવ જીવનશૈલી અને માનસિક પરિવર્તનના સૌથી મજબૂત ઉત્પ્રેરક છે, તેમણે પરિવર્તનના દરને ઝડપી બનાવ્યો છે અને ઉપરોક્ત ઉદાહરણો પરથી સ્પષ્ટ થાય છે કે, દરેક શોધ, પરિવર્તન એક જ સિક્કાની બે બાજુઓની જેમ સકારાત્મક અને નકારાત્મક અસર કરે છે. માનવ જિજ્ઞાસા અને શોધક ક્ષમતાની કોઈ મર્યાદા નથી તેથી પરિવર્તન અને ઉત્ક્રાંતિ ચાલુ રહેશે, પણ માનવીઓ આળસુ પણ છે અને તેમના માટે બધું કરવા માટે ઉપકરણો અને સાધનો પર ખૂબ જ નિર્ભર બની જશે, એટલે કે, મોબાઇલ, ટેકનોલૉજી અને AIના વિકાસ સાથે, શોધ કરવાની મનુષ્યની માનસિક ક્ષમતા ઘટતી જશે. મને ૨૦૦૮ની અંગ્રેજી સાયન્સ ફિક્શન ફિલ્મ WALL-E યાદ આવી રહી છે, જે આપણી ભાવિ પેઢીઓ કેવી હશે તે દર્શાવે છે અને મને લાગે છે કે ભવિષ્યમાં તે કાલ્પનિક ફિલ્મ આપણી વાસ્તવિક્તા બનશે.

**– પાયલ મંકોડી**

# ટેક્નોલૉજીની ખરાબ અસરો નહીં... તેની મર્યાદાઓ જાણીએ



પ્રણામિ બુચ દેસાઈ

આજના યુગમાં જો વિચાર કરવા જઈએ તો મોબાઈલ, ટેક્નોલૉજી કે AI વગર આપણા સહુની દુનિયા અધૂરી છે. થોડી ક્ષણો માટે પણ આપણો મોબાઈલ ન જડે તો આપણે બેચેન બની જઈએ છીએ. આપણા સહુના ઘણાખરા વ્યવહારો મોબાઈલ કે ટેક્નોલૉજીને આધારે થતા હોય છે. એટલે એમ કહી શકાય છે વર્તમાન સમયમાં આ બધું જ અનિવાર્ય બની ગયું છે.

દરેક વસ્તુનાં બે પાસાં હોય છે, સારું અને નરસું. જો નવી ટેક્નોલૉજી, મોબાઈલ કે AIનો ઉપયોગ વિવેકબુદ્ધિપૂર્વક અને પ્રમાણસર કરવામાં આવે તો તેને વધાવવાના અવસરો ઘણા છે. દૂર વિદેશમાં વસતા સ્વજનો સાથેનો સંપર્ક મોબાઈલ અને નવી ટેક્નોલૉજીને કારણે કેટલો સરળ બની ગયો. દીકરાઓ કે દીકરીઓ વિદેશમાં વસતાં હોય ત્યારે વડીલો ઘેરબેઠાં નવજાત પૌત્ર કે પૌત્રીનું મુખ નવી ટેક્નોલૉજીની મદદથી જોઈ શકે છે. નાણાકીય વ્યવહારો મોબાઈલની મદદથી ખૂબ સરળ બની ગયા. ઈમરજન્સીમાં કંઈ પણ જોઈતું હોય તો દસ મિનિટમાં હાજર. કોઈ નવી જગ્યા પર જઈએ તો મોબાઈલની મદદથી રસ્તો મળી જાય. AIને કારણે કેટકેટલાં કામ સાવ સરળ બની ગયાં. ઑવરઑલ નવી નવી ટેક્નોલૉજી અને

મોબાઈલની મદદથી સમય અને શક્તિનો ખૂબ બચાવ થવા લાગ્યો.

નવી ટેક્નોલૉજીને જેટલી જલદી અપનાવી શકીએ એટલું આપણું કામ સરળ થતું જાય. શરત માત્ર એટલી જ છે કે તેમનો ઉપયોગ યોગ્ય માત્રામાં અને સમજણપૂર્વક કરવો એક વાત હંમેશા મનમાં યાદ રાખવી ઘટે માણસે મોબાઈલ અને નવી ટેક્નોલૉજીને વિકસાવી છે, તેમને આપણા પર હાવી થવા ન દઈ શકીએ.

હવે જે વાત કરવી છે તે ટેક્નોલૉજીની ખરાબ અસરો વિશે નહીં, પણ તેમની મર્યાદાઓ વિશે છે.

એક વાત દીવા જેવી સ્પષ્ટ છે કે નવી ટેક્નોલૉજી, મોબાઈલ કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વિકસાવવા પાછળ માનવપ્રજ્ઞા રહેલી છે, તેથી આ બધું જ આપણા કરતાં વધારે ઈન્ટેલિજન્ટ ન જ હોઈ શકે. આ બધું જ આપણું કાર્ય અને જીવન સરળ કરવા માટે છે, તે આપણા આધિપતિ ન જ બની શકે.

ગમે તેટલી નવી ટેક્નોલૉજી વિકસાવી લઈએ તોપણ જે કુદરત સર્જે છે તેને કોઈ હરાવી શકે નહીં. અનુભૂતિના વિશ્વમાં આ બધું જ નકામું. વાસંતી વાયરા સાથે વહેતી માદક ફૂલોની સુગંધનો અહેસાસ AI ન કરાવી શકે. પહેલા વરસાદની માટીની ભીની સુગંધ, ઝરમર વરસતાં ફોરાંના સ્પર્શનો રોમાંચ કોઈ ટેક્નોલૉજીથી અનુભવી શકાય નહીં. સાગર કિનારે પગ બોળવાની મોજ મોબાઈલ કે ટેક્નોલૉજી ન કરાવી શકે. હા, કોઈ સુંદર દૃશ્ય નજર સમક્ષ હોય તો તેને કૅમેરામાં કેદ કરી શકવાની મોબાઈલની ક્ષમતા ખરી, પણ તેથી વિશેષ તો કંઈ જ નહીં.

અંતે તો આપણે સજીવ છીએ. આપણે હજુ એટલી હદે યંત્રવત્ નથી બની ગયા કે આપણે અનુભૂતિ ગુમાવી બેસીએ. ભલે આપણાં ટેરવાં સતત મોબાઈલમય થઈ ગયા હોય, તોપણ માનવસ્પર્શ આપણે ભૂલી નથી ગયા. તે આજે પણ અલગ અનુભૂતિ આપે છે. માનવપ્રજ્ઞા અને માનવ પ્રયત્નોનું સ્થાન કાયમ ઊંચું જ રહેવાનું. રોબોટ માનવ જેવાં કામ કરી શકે, પરંતુ તેનામાં માનવ જેવી લાગણી કે અનુભૂતિ તો નહીં જ હોવાની. નવી નવી ટેક્નોલૉજીની મદદથી જે માનવશક્તિ અને સમયનો બચાવ થાય છે તેનો યોગ્ય દિશામાં સદુપયોગ કરી શકીએ તો મોબાઈલ, ટેક્નોલૉજી અને AI આપણા સહુ માટે આશીર્વાદરૂપ સાબિત થાય. માનવ



પ્રયત્નો અને ટેક્નોલૉજીનો સુભગ સમન્વય ચમત્કાર સર્જી શકે. અંતમાં આપણામાં ઑરિજિનલ ઈન્ટેલિજન્સનું સર્જન કર્યું છે તેની તોલે તો કોઈ આવી નહીં જ શકે, ન માનવ કે ન ટેક્નોલૉજી. જેણે આખી સૃષ્ટિની રચના કરી છે તેનું સર્જન અમૂલ્ય છે અને રહેશે.

જે આપણા સહુની અંદર છે...
જે પરમ તત્ત્વ છે...
જે સર્જનહાર છે.. અને તેની ટેક્નોલૉજી બેજોડ છે..!!

**– પ્રણામિ બુચ દેસાઈ**



# જરૂર પૂરતો ઉપયોગ જરૂરી



ઋતંભરા છાયા

એક બહુ જૂનું કાવ્ય હમણાં જ કૃષ્ણ દવેના પ્રોગ્રામમાં સાંભળ્યું,

“ગામને પાદર વડલા હેઠળ ડોસલા બેસે દસ... એયને આખા ભવની વાતુ કરતાં....”

કાવ્ય સાંભળવું ખૂબ ગમ્યું પણ તેની સાથે એમ પણ વિચાર આવ્યો કે આ અત્યારના સમયમાં માત્ર કાલ્પનિક ચિત્ર – ખયાલી ખ્વાબ જેવું જ લાગશે. અત્યારના ડોસલા પણ વડલા હેઠળ પણ મોબાઈલ લઈને જ બેઠા હશે અને તેનું કારણ મોબાઇલ અને ટેક્નોલૉજીએ આપણા જીવનનાં દરેક પાસાંને ક્રાંતિકારી રીતે બદલી નાખ્યાં છે. ખૂબ મોટી ક્રાંતિ લાવી દીધી છે.

સોશિયલ મીડિયા.. મોબાઈલ જેવાં ઉપકરણોના ઉપયોગે આપણા જીવનમાં મોટી ઊથલપાથલ મચાવી દીધી છે. કેટલીક વાર એવો પ્રશ્ન થાય છે કે સોશિયલ મીડિયાથી દૂર રહેવું ખરેખર શક્ય છે ખરું? આજના સમયમાં સોશિયલ મીડિયા જ જિંદગી બની ગયું છે એવા માહોલમાં મોબાઇલના ઉપયોગનો સતત અને સખત વિરોધ કરવો એ જાણે વાસ્તવિકતાથી જોજન દૂર જવા જેવું છે. મોટા ભાગના લોકોની સવાર સોશિયલ મીડિયાથી પડે છે. મોટા ભાગના લોકોની રાત આ મીડિયા પડવા દેતું નથી. લાઈક્સ, ફૉલોઅર્સ, શેર્સ આ બધા એવા શબ્દો છે જેના વિના લોકો ડિપ્રેશનમાં સરી જાય છે. તો પ્રશ્ન અહીં એ થાય કે શું આવા લોકો કે એમનાં સંતાનો સોશિયલ મીડિયાથી દૂર રહી શકે ખરાં? આપણી વાસ્તવિક જિંદગી પર અવાસ્તવિક. વર્ચ્યુઅલ જિંદગીએ કબજો કરી લીધો છે.



આજની પેઢી સોશિયલ મીડિયાથી દૂર નહીં રહી શકે, પણ એમને સોશિયલ મીડિયાનો સાચો અને યોગ્ય ઉપયોગ કરતાં શીખવવાની જરૂર છે. આપણા હાથમાં ચોવીસ કલાક નાનકડા રમકડા જેવો મોબાઈલ રહે છે તેમાં અપાર કન્ટેન્ટ ભરેલું હોય છે. દિમાગની ભૂખ ખોલી દે તેવી વાતો અને વિચારો એમ વહેતાં રહેતાં હોય છે. દુનિયાના કોઈ પણ ખૂણે સરળતાથી અને ઝડપથી વાતચીત શક્ય બની છે.

ઓનલાઇન શોપિંગ અને પેમેન્ટ સિસ્ટમથી વ્યવસાયનો વ્યાપ વધ્યો છે. ટિકિટ બુકિંગ, નેવિગેશન અને અન્ય સેવાઓથી આપણું જીવન પ્રમાણમાં સરળ બન્યું છે.. આ બધી સરળ વાતો હોવા છતાં.. આપણા જીવનમાં સમસ્યાઓ પણ વધી છે. શારીરિક પ્રવૃત્તિઓ ઘટી ગઈ.. જેની અસર સ્વાસ્થ્ય પર પડી છે. ચિંતા, તણાવ અને એકલતાની લાગણી વધી ગઈ છે. કુટુંબમાં એકબીજા સાથે વાતચીતનો અભાવ દેખાય છે. લાગણીના સંબંધો પર ઔપચારિકતાનું એક પડ બંધાઈ ગયું છે.

મોબાઈલનો ઉપયોગ અત્યારની નવી પેઢી ટાઈમ પાસ માટે પણ કરે છે અને કેટલાક સ્માર્ટ આ મીડિયાની મદદથી પૈસા પણ કમાઈ લે છે. સોશિયલ મીડિયા પાસે શીખવા જેવી

એક સરસ વસ્તુ છે, અને તે છે તેનું અલ્ગોરીધમ. સોશિયલ મીડિયા આપણને જે જોતું હોય એ જ બતાવશે. આ મીડિયા જે આપણે નહી જોતા હોઈએ તે બિલકુલ નહીં બતાવે. એટલે આપણે આપણાં સંતાનોને આ અલ્ગોરીધમ શીખવવાની જરૂર છે. બાળકોને આપણે શું જોવું અને શું ન જોવું શીખવવાને બદલે શું જોવું અને કેટલું જોવું તે જ શીખવવાની જરૂર છે. આપણાં બાળકો સોશિયલ મીડિયા પર ઍક્ટિવ એટલે જ થઈ ગયાં છે કારણકે આપણે એમને સમય આપી નથી રહ્યા.

હમણાં જ પેપરમાં સમાચાર હતા કે મહારાષ્ટ્રના એક ગામડામાં એક ચોક્કસ સમયે સાયરન વાગે અને તે વખતે સહુ કોઈ પોતાના હાથમાં રહેલ મોબાઈલ બાજુમાં મૂકી દે છે.. અને પોતાની મનગમતી પ્રવૃત્તિ કરવા માંડે છે. જેને પણ જ્યારે આ વિચાર આવ્યો હશે ત્યારે ખૂબ મુશ્કેલી પડી હશે પણ દૃઢનિશ્ચયથી કામ કર્યું તો દિવસનો એક કલાક બાળકો અને તેમનાં માબાપો પણ મોબાઈલ મૂકીને પુસ્તક વાંચન કે પ્રકૃતિના ખોળે રમતો રમવા તૈયાર થયાં. ત્યારે એમ થાય કે બાળકોને માત્ર સલાહ આપવાથી કામ બનતું નથી, આપણે પણ મોબાઇલને મૂકીને તેમની સાથે વાર્તાલાપ કરવો જરૂરી છે. ઘરના વડીલો પણ ક્યારેક ઝંખે છે કે કોઈ આવીને તેમની પાસે બેસે, વાતો કરે. આ બધું તો જ શક્ય બને જો મોબાઇલનો ઉપયોગ જરૂર પૂરતો થાય.!

મોબાઇલમાં જ ટેક્નોલૉજી આગળ વધી છે અને એ છે.. એ.આઈ..AI.. જે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના નામથી ઓળખાય છે. AI હવે મોબાઇલ ઉપકરણોમાં ઊંડે સુધી સંકલિત થઈ ગયું છે. AI વ્યક્તિગત શિક્ષણ યોજનાઓ બનાવવામાં અને રોગના નિદાનમાં ડૉક્ટરોને મદદરૂપ થાય છે. જટિલ સમસ્યાઓનું વિશ્લેષણ કરી વૈજ્ઞાનિક સંશોધનને વેગ આપે છે. રોજિંદાં કાર્યોમાં ઑટોમેશન દ્વારા કાર્યક્ષમતામાં વધારો થાય છે. AI સ્વાસ્થ્ય સંભાળ ક્ષેત્રમાં ક્રાંતિ લાવી રહ્યું છે. આરોગ્યક્ષેત્રે એક શક્તિશાળી સાધન બની રહ્યું છે. કેન્સર જેવા અસાધ્ય રોગોમાં સચોટ નિદાન કરી શકે છે.

વિકસિત ટેક્નોલૉજી આપણને જેટલી મદદરૂપ છે તેટલી જ પડકારરૂપ પણ છે. AI નિદાનમાં સચોટ હોઈ શકે, પરંતુ તે ડૉક્ટરની જેમ દર્દી સાથે લાગણીભર્યો સંબંધ અને સામાજિક પૃષ્ઠભૂમિને સમજવાની ક્ષમતા ધરાવતું નથી. તે એક સહાયક સાધન તરીકે વપરાય, પણ જ્યાં લાગણી, સંવેદના જરૂરી હોય ત્યાં તે ઉપયોગી નથી રહેતું. આ એક પડકાર AI સામે રહેવાનો જ.

દરેક ઉપકરણો.. ટેક્નોલૉજી એક પ્રકારનું માત્ર દિમાગથી ચાલતું મશીન જ છે એમ સમજીને વિવેકપૂર્ણ રીતે ઉપયોગમાં લઈએ અને જ્યાં લાગણી અને સંવેદના સમજવાની હોય ત્યાં મશીનને બાજુમાં મૂકી દેશું તો જીવન વધુ સરળ બની જશે.

**– ઋતંભરા છાયા**

# વિજ્ઞાન હંમેશા બેધારી તલવાર છે...



સૌરભ વોરા

આજના આધુનિક યુગમાં ટેકનોલૉજી જીવનનું અભિન્ન અંગ છે ...મોબાઈલ, ઈન્ટરનેટ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ માનવીએ જ ઊભા કરેલા અવસર છે અને જો એનો યોગ્ય ઉપયોગ કરવામાં આવે તો... આ વિષય પર લખવા માટે મને એઆઈની જ મદદ લેવાનો વિચાર આવ્યો અને તરત જ મેં Chat GPT પર લખ્યું... એડવાન્ટેજીસ અને ડીસએડવાન્ટેજીસ ઑફ મોબાઈલ, ઈન્ટરનેટ એન્ડ એ. આઈ. અને તરત જ મને આખો essay તૈયાર મળી ગયો... મારો માસ્તરનો અંતરઆત્મા જાગી ઊઠ્યો, અત્યારના વિદ્યાર્થીઓને કોઈ પણ વિષય પર આ રીતે તૈયાર માલ મળી જાય તો તેઓની વિચારશક્તિ, સર્જનાત્મકતાનું શું? અમારી પેઢી એ ટપાલ, પોસ્ટમેનથી email, gmail, WhatsApp થી chat GPT, એ.આઈ. સુધીની સફર ખેડી છે અને કઠિનાઈઓથી અગવડ સગવડનાં વિવિધ પાસાઓ

અનુભવ્યાં છે, દરેક સમય પ્રમાણે અવસર છે તો ...અને દુરુપયોગ કરો તો ઘણી આડઅસરો પણ છે, વિજ્ઞાન હંમેશા બેધારી તલવાર છે... મારો ભાઈ જ્યારે વિદેશ ગયો, ત્યારે ઍરોડ્રોમ પરથી દેખાતો બંધ થયો તે પછી ૧૫, ૨૦ દિવસે જ્યારે તેનો પહેલો પત્ર મળ્યો ત્યાં સુધી અમે અનુભવેલી વ્યાકુળતા ચિંતા... અને આજે દરેક પળે વીડિયોકોલથી સાથે જ હોવાનો અનુભવ એ અવસર આજની ટેકનોલૉજીનો !!!



મારી દીકરીને બહારગામ ભણવા મોકલી ત્યારે નવો નવો જ સાદો મોબાઈલ આવ્યો હતો, અને ઈન્ટરનેટ આવ્યું હતું આથી જ્યારે તેને અચાનક કંઈ પણ જરૂર પડે ત્યારે અમને ફોન કરે અને તરત જ એને તે જ ઘડીએ internet bankingથી પૈસા મોકલી શકતાં, રોજ તેની સાથે વાતો કરી ચિંતામુક્ત રહેતાં આ અવસર આધુનિક ટેકનોલૉજી થકી જ ને? આગળ ભણવા જ્યારે તે oxford ગઈ ત્યારે પણ તેનો convocation સમારોહ પણ ઘરે બેઠે બેઠે તે જ સમયે માણ્યો, અને ન જઈ શક્યાનો વસવસો ન રહ્યો. આવા અવસર ને કેમ ભૂલી શકાય?

ત્યાર પછી જ્યારે સ્માર્ટ ફોન આવ્યો અને ત્યારે તો આખી દુનિયા જ જાણે હથેળી પર આવી ગઈ,.. આખી દુનિયા સાથે આપણે જોડાઈ ગયાં... ટિકિટ બુકિંગ, હોટેલ બુકિંગ ફરવા જવું, દરેક ખરીદી, બિલ ભરવાં વગેરે સરળ બનતાં જિંદગી અત્યંત સુવિધાજનક થઈ ગઈ...

મારી દીકરી પરણીને સાસરે ગઈ.. ત્યારે પણ દરરોજ તેની સાથે વીડિયો ચેટ કરી તેનું હસતું મોઢું જોઈ, દીકરી વિદાય વસમી ન લાગતાં અવસર આનંદમાં પરિણમ્યો...

અત્યારે પણ જીવનસંધ્યાના અવસરે આ ટેકનોલૉજી સાથે હું એકલતામાં પણ ઉજાસ અનુભવવું છું.. એના સદુપયોગથી મારો સમય આનંદથી પસાર કરી શકું છું. સંગીત, મનોરંજન, સારી ફિલ્મો જોવી, લોકો

સાથે જોડાયેલી રહી, ઘરમાં એકલી હોવા છતાં હું એકલતા નથી અનુભવતી.

થેંક્સ ટુ ટેકનોલૉજી..!!!

અત્યારે આ લેખ પણ હું ગૂગલ વોઇસ ટેપથી બોલીને ટાઈપ કરીને કાગળ વાપર્યા વગર પર્યાવરણ બચાવીને મોકલું છું, અને તે જ સમયે, within a seconds ટેકનોલૉજીની મદદથી જ પહોંચાડીશ!!!!

કોરોના સમયે પણ આ ટેકનોલૉજીની મદદથી જ મોબાઈલ ઇન્ટરનેટથી લોકો વર્ક ફ્રોમ હોમ કરીને પોતાની નોકરી બચાવી શક્યા, ચાલુ રાખી શક્યા.. zoom video callsથી વિદ્યાર્થીઓ ભણી શક્યા તેઓનાં વર્ષ ન બગડ્યાં.. ડૉક્ટર પણ પોતાની ટ્રીટમેન્ટ વીડિયો કોલથી કરી, લોકોના જીવન બચાવી શક્યા અને આફતને અવસરમાં બદલી શક્યા એ કંઈ ઓછી વાત છે? કૉમ્પ્યુટર વિજ્ઞાનની સૌથી શક્તિશાળી શોધ એટલે AI.. કૃત્રિમ બુદ્ધિમતા..

આ ટેકનોલૉજી વ્યક્તિ કરતાં ઝડપથી કામ પૂર્ણ કરવાની ક્ષમતા ધરાવે છે અને ભૂલ પણ ઓછી કરે છે, પરંતુ આના ઉપયોગથી ખતરો પણ ઘણો છે કારણ કે માહિતીનું કોઈ ફિલ્ટરિંગ નથી, ડેટાચોરી અને પ્રાઇવેસીનું જોખમ છે અને તેમાં ખોટા નિર્ણયો પણ હોઈ શકે અને તેના નિર્ણયો લાગણીવિહીન હોવાથી નવી પેઢી માટે તે ખતરો છે. રોજગારની તકો પણ તેનાથી ઘટશે... deepfake.. એકના શરીર પર બીજાનો ચહેરો, અવાજ બદલી વીડિયો બનાવવા જેવી ઘટનાઓ પણ સામે આવી છે, જે અતિશય વિચાર માગી લે તેવું જોખમ છે. મોબાઈલ અને ઇન્ટરનેટના વધુ ઉપયોગમાં પણ ભયસ્થાનો છે.. હેકિંગ, સાઇબર ક્રાઇમ, બાળકો જો વધુ ઉપયોગ કરે તો આંખ અને કાન જેવી ઇંદ્રિયોને નુકસાન થઈ શકે છે. મોબાઈલ પર ગૅમિંગ કે સોશિયલ મીડિયા જેવી લત લાગવાથી સામાજિક એકલતા તેમ જ બાળકોના સમયનો બગાડ થઈ શકે છે. સુવિધા દરેકને ન હોવાથી સામાજિક અસમાનતા, તેમ જ મોબાઈલ વારંવાર અપડેટ કરવાની ઘેલછાથી પૃથ્વી પર ઇ-વેસ્ટ વધવાનો ખતરો પણ નકારી ન શકાય.

આ બધા જ અવસર અને આડઅસર સાથે ખરેખર ઇન્ટરનેટ મોબાઈલ અને એઆઈ એક ખૂબ જ ફાયદાકારક છે.. આપણા જીવનમાં બદલાવ સાથે સંપૂર્ણ ક્રાંતિ આવી છે, પરંતુ સાથે મોટા ખતરા પણ ઊભા કર્યા છે, આથી આ ટેકનોલૉજીનો ઉપયોગ સમાજને તેના ફાયદા વધુ અને નુકસાન ઓછાં થાય તે રીતે સમજદારીપૂર્વક, બુદ્ધિ અને નીતિમત્તાથી સંતુલનપૂર્વક, લોકોની રોજની જિંદગીને વધુ સારી બનાવવા ઉપયોગ કરવો જોઈએ અને સમસ્ત માનવજાતને કલ્યાણકારી બને તે માટે પ્રયત્ન કરવામાં આવે જેથી દુનિયા વધુ સારી અને વધુ જોડાયેલી બને.. તેવી અભ્યર્થના!!!

**– સૌરભ વોરા**

# આધુનિક ટેકનોલોજી અને કૃત્રિમ બુદ્ધિ એટલે
# ખૂલ જા સીમસીમ......



શીતલ. દેસાઈ

આજથી થોડાં વર્ષો પહેલાં ઈમેલ કરવા કે ફેસબુક જેવાં પ્લૅટફૉર્મનો ઉપયોગ કરવાનું બધા માટે શક્ય ન હતું. સાઈબર કાફેમાં લાઈન લગાવવી પડતી. ત્યાર પછી પી.સી. અને લેપટોપ આવ્યાં. સામાન્ય વ્યક્તિ કે વડીલોને ક્યાંક તે મળતાં નહીં, ક્યાંક વાપરવાનું ફાવતું નહીં, પરંતુ મોબાઈલે ટેક્નોલૉજીને હાથવગી બનાવી. મોબાઈલ આવ્યા પછી અને તેમાં ઇન્ટરનેટની સેવા આવ્યા પછી લગભગ બધી જ ઉંમરનાં અને બધા સ્તરના લોકો પોતપોતાનાં કામ પૂરતા તો ટેક-સેવી થઈ ગયા છે જ. ૭૦ ઉપરનાં ગૃહિણીઓ પણ હવે રસોઈ માટેનાં ટીવી શો નથી જોતાં. યુ ટ્યુબ પર નવી રેસીપી જુએ છે અને બનાવે પણ છે. તેઓ પણ ડિજિટલ મીડિયાના ઓટલા પર સક્રિય રીતે ભાગ લે છે. માત્ર પોસ્ટ જોવા કે લાઈક કરવા જેટલું નહીં, નવી પોસ્ટ, ફોટા, વીડિયો મૂકી શકવાનું જાણે છે. કેટલાક તો પોતાની સર્જનકળાને અનુરૂપ પોસ્ટ તૈયાર કરી, અપલોડ કરવાનું પણ જાણે છે.

આમ મોબાઈલ અને નવી ટેક્નોલૉજીએ દુનિયાને નાનકડા સ્ક્રીન પર લાવી મૂકી દીધી છે. વિવિધ વિષયનો રસથાળ તમારી સામે છે. ધર્મ, સાહિત્ય, હાસ્ય કે હેલ્થ દરેક વિષય પર નવી નવી માહિતી પીરસનારા છે જ અને એને વ્યુઅર્સ પણ મળી જ રહે છે.!

આની સારી અસર એ થઈ કે ભારતમાં બેઠેલી માતા અમેરિકામાં દીકરાએ ખરીદેલ નવું ઘર જોઈ શકે છે અને અહીં દિવસો સુધી હરખાય છે. ગમે ત્યારે તેની સાથે વાત કરી શકે છે અને તે પણ નજીવા દરે. સ્થળનાં અંતર સાવ ઘટી ગયાં છે. ઉપરાંત મારા રસના વિષય વિષે હું મારા ઘરની આરામ ખુરશીમાં બેસીને બધું જાણી શકું. નવો હુન્નર કે કળા શીખી શકું કે કોઈને શીખવી પણ શકું. એ દ્વારા અર્થ-ઉપાર્જન પણ કરી શકું. કોરોનાના કપરા સમયગાળામાં પણ હું નિયમિત એક પણ દિવસ પાડ્યા વિના યોગ ક્લાસ ચલાવી શકી - મોબાઈલનાં માધ્યમ દ્વારા.

વ્યવસાય કે વેપાર ગમે તેની શરૂઆત કરવી હોય, વૃદ્ધિ કરવી હોય, ગૂંચ ઉકેલવી હોય બધું જ ઓછા સમયમાં શક્ય બન્યું છે. જીવનવ્યવહાર વધુ સરળ બની ગયો છે. અત્યારે પચાસી વટાવી ચૂકેલી પેઢીએ એમની યુવાનીનો મોટો સમય લાઈનમાં ઊભા રહેવામાં વિતાવ્યો છે. લાઇટ, ટેલિફોન બિલ અને વિવિધ વેરાઓ માટે લાઈન, બૅન્કમાં પૈસા ઉપાડવાની કે નાની રકમનાં ડિવિડંડ ભરવાની લાઇન, રેલવે સ્ટેશન કે ગૅસ એજન્સી, અરે સારું મૂવી જોવું હોય તો ઍડવાન્સ બુકિંગની પણ લાઇન હોય. નોકરી સાથે આ બધા સમય સાચવવાનું જે કુટુંબ વિભક્ત હતાં અથવા જેમાં ગૃહિણી વર્કિંગ વુમન હતી તેમને ઘણું મુશ્કેલ હતું. ટેક્નોલૉજીએ આવા નાના મોટા કેટલાય પ્રશ્નોનો અંત લાવી દીધો છે. અરે ત્યાં સુધી કે જટિલ ઑપરેશન માટે નિષ્ણાત ડૉક્ટરને હાજર રાખી તેમનું માર્ગદર્શન લઈ શકાય છે!

AI ટેક્નોલૉજીની શરૂઆત થઈ ત્યારે ગૂગલના હેડનો એક વીડિયો પ્રચલિત બન્યો હતો, જેમાં તે એક કિસ્સો જણાવે છે. કોઈ એક માતા-પિતા પોતાની ટેનિસ રમતી પુત્રીનો ફોટોગ્રાફ લે છે. સ્વાભાવિક રીતે ફોટામાં ટેનિસ કોર્ટની ફેન્સિંગ આવે જ અને તેથી વહાલી દીકરીનો ફોટો બરાબર સ્પષ્ટ ન દેખાય. આ સમયે કૃત્રિમ બુદ્ધિની મદદથી તે ફેન્સિંગને ઇમેજમાંથી દૂર કરીને મઝાનો ફોટો પ્રાપ્ત થઈ શક્યો.

આ તો નાનું ઉદાહરણ છે. હકીકતમાં કૃત્રિમ બુદ્ધિ ઘણા મહત્વના અને પડકાર રૂપ કાર્યો સરળતાથી પાર પાડી શકે છે. કૃત્રિમ બુદ્ધિથી કંઈ કેટલાય ચમત્કાર સર્જાઈ શકે છે. તે મનોરંજન, રમત (ઉદા. ચેસ), સ્વયંસંચાલિત મોટર, માનવ-કલ્યાણ, સંરક્ષણ, ડિઝાસ્ટર મૅનેજમેન્ટ, આપાત્કાલીન સેવા, સિનિયર સિટિઝન-સેવા, ખેતીવાડી જેવાં ઘણાં ક્ષેત્રોમાં વપરાય છે. અનેક ઘરેલુ કામકાજથી માંડી દેશના સંરક્ષણ સુધીનાં વિધવિધ ક્ષેત્રે તે ઉપયોગી નીવડે છે. તે ભાષાકીય (language) અને બોલીને આપવામાં આવતાં (voice) આદેશ (કમાંડ)ને સમજી શકે છે. કૃત્રિમ બુદ્ધિ માહિતીનું વિશ્લેષણ,અર્થઘટન કરી, આયોજન (પ્લાનિંગ) કરી શકે છે અને તે મુજબ કાર્ય અમલમાં મૂકી શકે છે. આવનારા સમયમાં

આપણી આસપાસના જગતમાં ઘણાં બધાં ઉપકરણો અને સાધનો કૃત્રિમ બુદ્ધિથી સજ્જ હશે જે સમાજના સભ્યોને પોત-પોતાના ક્ષેત્રમાં પોતાની જરૂરિયાત પ્રમાણે કાર્ય કરવા માટે ઉપયોગી નીવડશે તથા તે માટે તેમની ધારણાની બહાર બહુ-પરિમાણીય (multi-dimensional) વિશ્લેષણ કરી ત્વરિત નિર્ણયનું અસરકારક પરિણામ આપશે.

આ બધું કૉમ્પ્યુટર વિજ્ઞાન, મેથેમેટિક્સ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રની કેટલીક પદ્ધતિઓ, ભાષાશાસ્ત્ર કે માનસશાસ્ત્રના સિદ્ધાંતોના આધારે તૈયાર થઈ શકે છે. તેને વિકસાવવા પાછળ ઘણો બધો સમય અને માનવ સંસાધન (human resource and time) વપરાય છે, પરંતુ ત્યાર બાદ વિવિધ ક્ષેત્રમાં ઝડપી નિર્ણય લેવાતાં ઘણો બધો સમય બચી જાય છે.

ધારો કે કોઈ વયસ્ક વડીલને તબીબી સારવારની જરૂર પડે, તો મોબાઈલ બેઝ્ડ સેંસર્સની મદદથી વગર કહ્યે ડૉક્ટરને રિપોર્ટ મળી જાય છે. સેંસર્સની અવેજીમાં તે વ્યક્તિ પોતાના સઘળા રિપોર્ટ સ્કેન કરી ઝડપથી ડૉક્ટરનો સંપર્ક સાધી શકે.

સરહદ પરની કોઈ પણ પ્રકારની હલચલ, ગુપ્ત શસ્ત્રોને કૃત્રિમ બુદ્ધિ શોધી કાઢે છે. બહુ ઓછી ક્ષણોમાં દેશ પર કોઈ ખતરો તોળાતો હોય તેનો ખ્યાલ આવી શકે છે. આ દૃષ્ટિએ તે ખરેખર માનવજાત માટે આશીર્વાદ સમાન છે. સરકારે ભારતીય સેનાને કૃત્રિમ બુદ્ધિની મદદ લઈને માનવરહિત ટેન્કો, યુદ્ધજહાજો અને રોબોટિક રાઈફલોથી સજ્જ કરવાનો નિર્ણય લીધો જ છે ને?ભવિષ્યનું યુદ્ધ રોબોટિક શસ્ત્રોથી લડાય તો નવાઈ નહી!

પરંતુ ક્યાંક મોબાઈલ અને ટેક્નોલૉજીનો વધુપડતો ઉપયોગ હાનિકારક પુરવાર થઈ ગયો છે. નવી માતા બનેલ યુવાન દીકરી બાળઉછેર માટે ગૂગલ કરે તે તો ઠીક, તેની અનુભવી મમ્મીની વાત ખોટી માને ત્યારે દુખ થાય. આરોગ્ય માટેનાં ફૂટી નીકળેલ સોશ્યલ મીડિયા માર્ગદર્શક/ઇન્ફ્લ્યુયંસરને આધારે આપણા રોગ ન મટે. તેમાંના ઘણા ખરા ડૉક્ટર જ ન હોય, અને હોય તોપણ એ માહિતી જનરલ હોય. વ્યક્તિએ વ્યક્તિએ ઉંમર, શારીરિક સ્થિતિ, પોતાની પ્રકૃતિ પ્રમાણે ઉપચારક્રમ ગોઠવવો પડતો હોય એટલી સામાન્ય સમજ પણ લોકો ગુમાવતાં જાય છે.

એક તરફ જ્યારે નાણાકીય વ્યવહાર



ચપટી વગાડતાં શક્ય બન્યો ત્યારે બીજી તરફ સાઇબર ફ્રોડથી નાણાં પડાવી લેનારા ધુતારા પણ વધ્યા છે. પાસવર્ડ હેક થવો, અંગત ડાટાની ચોરી, ડિજિટલ અરેસ્ટ આ બધુ ટેક્નોલૉજીની ભયંકર અસર છે.

આખી દુનિયા સાથે કનેકટેડ રહેતા માણસો નજીકનાઓનો સંપર્ક ગુમાવી રહ્યા છે. દિવાળીમાં વડીલોને પગે પડીને લેવાતા આશીર્વાદ મોબાઈલની પ્રણામની સ્માઈલીમાં તબદીલ થઈ ગયા છે. મોબાઈલ પર ફરતાં ટેરવાં જાણે સંવેદનાનો સ્પર્શ ગુમાવી બેઠાં છે! We are more connected digitally than emotionally.

કેટલાય લોકોને એવો ડર છે કે કૃત્રિમ બુદ્ધિનાં કારણે વિશાળ સંખ્યામાં લોકો બેરોજગાર બની શકે અને એ ડર સાચો પણ છે કારણ આ બાબત ભારત જેવા દેશમાં જ્યાં પુષ્કળ પ્રમાણમાં- હ્યુમન રિસોર્ઝ - human resource- માનવ સંસાધન પ્રાપ્ય છે ત્યાં જોખમી નીવડે.



ઉપરાંત AI આખરે કૃત્રિમ છે અને તેથી હેક થઈ શકે. સિક્યોરિટી બાબત શંકા રહે જે ખોટા કે નુકસાનકર્તા નિર્ણયમાં પરિણમી શકે અને તે સમયે તમારા હાથમાંથી બાજી જતી રહી હોય છે. માનવના અંગત નિર્ણયમાં અન્યની સલાહ લઈને કે સંસ્થાના નિર્ણયમાં સમૂહગત રીતે તથા બંને પ્રકારના નિર્ણયો જે - તે સમયનાં પરિબળોના આધારે લેવાય તે જરૂરી છે, માત્ર AIથી નહીં.

કૃત્રિમ બુદ્ધિ ગમે તેટલી વિકસિત હોવા છતાંય માનવ મગજમાં આવેલ કેન્દ્રો સાથે તેની સરખામણી થઈ શકે ખરી? એ એક વિચારવા જેવો પ્રશ્ન છે. સૌથી મોટી મર્યાદા એ કે જે માહિતી તેનામાં ફીડ-feed ન થઈ હોય કે ઇન્ટરનેટ પર પ્રાપ્ય ન હોય તે બાબતમાં તે કોઈ નિર્ણય ન લઈ શકે. ક્યારેક બુદ્ધિ થાપ ખાઈ જાય ત્યારે માણસ અંતર્વૃતિથી (instinct) નિર્ણય લેતો હોય છે કે લેવો પડતો હોય છે. કૃત્રિમ બુદ્ધિ માનવમનની સહજ સ્ફુરણાની તો સાવ બાદબાકી જ કરી નાખે છે.

મને એક નાટક યાદ આવે છે - હુકમ માલિક. આ નાટકમાં તાળી પાડતાં જ જીન હાજર થાય છે. એ જીન તેની પાસે જે માંગો તે બધું જ હાજર કરી દેવાની ક્ષમતા ધરાવે છે. શરત એટલી જ હોય છે કે નાયકે એક ઓરડામાં જ રહેવાનું અને બહારની દુનિયા સાથે સંપર્ક તોડી નાખવાનો, કોઈ વ્યક્તિને તેણે મળવાનું નહિ. નાયકને થોડો સમય માંગો તે જાતજાતનું ખાવા-પીવાનું, પહેરવા-ઓઢવાનું મળ્યું. તેને મજા આવી. પછી તે કંટાળે છે. અંતમાં તેને કંઈક તકલીફ થાય છે, જીન તેની પાસે હાજર થઈ જાય છે, તેને ગૂંગળાતો અને હાંફતો જુએ છે, પણ કંઈ કરતો નથી. આખરે નાયક પડી જાય છે. નીચે પડતી વખતે તેના બે હાથ અથડાય છે અને તાળી પડી જાય છે. હવે જીન 'હુકમ માલિક' કહી તેના આદેશની રાહ જોતો ઊભો રહે છે. ક્યાંક કૃત્રિમ બુદ્ધિનો ઉપયોગ વિભક્ત આ જીન સમાન પુરવાર નહીં થાય તેની સતત દહેશત રહે છે.

માનવ મગજમાં આવેલ અસંખ્ય સંવેદન કેન્દ્રો તેની ભાવના, વિચાર-પ્રક્રિયા, વર્તન-તરાહ, નિર્ણયશક્તિ વ.ને પ્રભાવિત કરે છે. આ કાર્ય એવું સંકુલ અને જટિલ છે કે દરેક સમયે એક સરખી પરિસ્થિતિમાં માનવ એક જ રીતે વર્તન કરે કે પ્રતિભાવ આપે તેમ ન પણ બને. કૃત્રિમ બુદ્ધિ આ કક્ષા સુધી પહોંચી ન શકે.

માનવ-મગજની સર્જનાત્મકતા એ કૃત્રિમ બુદ્ધિની જનક છે, પરંતુ વક્તા એ છે કૃત્રિમ બુદ્ધિ તેનો ઉપયોગ કરતાં માનવ સમુદાયની સર્જનાત્મક શક્તિને કુંઠિત કરીને તેઓને પરાવલંબી બનાવે છે. તે માનવીની સર્જનાત્મકતાની તોલે ક્યારેય ન આવી શકે અને તેથી જ કૃત્રિમ બુદ્ધિ માનવના જીવંત વ્યક્તિત્વનું સ્થાન ક્યારેય નહીં લઈ શકે.

**- શીતલ. દેસાઈ**

# મોબાઈલ ખોવાયો ને માણસ આકુળવ્યાકુળ!!



ઊર્વિ મહેતા

પ્રસ્તાવના:

'મોબાઈલ' આપણા સૌના જીવનમાં રોજિંદી રીતે સૌથી અગત્યનું યંત્ર. સવારે ઊઠતાંની સાથે અને રાત્રે સૂતી વખત સુધી સતત આપણી સાથે રહેનાર આપણો સાથીદાર. 'મોબાઈલ' ન હોય તો અથવા એક અડધા દિવસ માટે પણ એનો ઉપયોગ ન કરવા માટેનો વિચારમાત્ર કેટલો દુઃખદાયી બની જાય. અરે! 'ન કરે નારાયણ' ને મોબાઈલ કોઈ કારણસર ખોવાયો તો માણસ આકુળવ્યાકુળ થઈ જાય જેની પીડા આપણામાંથી ઘણાએ અનુભવી હશે.

આ તો થઈ મોબાઈલ મિત્રની વાત! પણ આ મોબાઈલ અને તેની જેમ જ હજારો યંત્રો અને ચલાવતી ટેક્નિકલ સિસ્ટમ/વ્યવસ્થા જો ન હોય તો માનવીને

ધૂધવાઈ જતાં વાર ન લાગે. આપણા જીવનમાં નાનાં-મોટાં અનેક યંત્રોનો ઉપયોગ આપણે કરતાં હશું જેની ગણતરી પણ કરવી મુશ્કેલ છે. આ બધાં જ યંત્રોને ચલાવવા ટેક્નોલૉજીનો જ ઉપયોગ થાય છે. અરે! અધૂરામાં પૂરું ૧૯૫૬માં શોધાયેલ AI - Artificial Inteligncе ના ઉપયોગથી માનવે એક અલગ જ હરણફાળ ભરી છે.

અસર-અવસર:

આજના બદલાતા જતા યુગમાં માનવી એ કંઈ આદિમાનવનું જીવન ન જીવી શકે. ટેક્નોલૉજીના સહારે હરણફાળ ભરતા જગતમાં કદમ મેળવી માનવજીવન વધારે સરળ બન્યું છે. મોબાઈલ, ટેક્નોલૉજી અને AIની અસર કે આડઅસર વિશે આપણે હંમેશા વાત કરતાં આવ્યા છીએ, વિચારતાં આવ્યા છીએ. મોબાઈલ, ટેક્નોલૉજી અને AIનો સમજણ અને સશક્ત ઉપયોગ માનવી માટે વરદાનરૂપ છે. મોબાઈલની મદદથી એકમેકની સાથે ઝડપથી, કોઈ પણ દેશમાં અને કોઈ પણ સમયે આપણે જોડાઈ શકીએ છીએ, અને એકમેકનાં સુખ, દુઃખમાં સહભાગી બની શકીએ છીએ.



વિદ્યાર્થીઓ, કર્મચારીઓ, ગૃહિણીઓ, પ્રોફેશનલ્સ દરેક લોકો મનગમતી માહિતી ઘડીના છઠ્ઠા ભાગમાં મેળવી શકે છે. નવું જાણવાની વાત હોય, ઝડપથી કેલક્યુલેશન કરવાની વાત હોય, મનગમતું મનોરંજન માણવું હોય કે પર્સનલ વાતો દુનિયા સાથે શૅર કરવી હોય.. નાનો અમથો મોબાઈલ અને ટેક્નોલૉજી આપણી સેવામાં હાજર છે.

માનવીના મગજથી અનેકગણું ઝડપથી અને સચોટ કામ કરતાં યંત્રો માનવજીવનને વધારે આરામદાયક અને આનંદી બનાવે છે. અરે! દેશ-વિદેશમાં બનતી અને બનવાની અંદાજિત ઘટનાઓની માહિતી આપણને સેકન્ડોમાં મળી જાય છે. કુદરતી આફતો જેવી કે ધરતીકંપ,વાવાઝોડા, પૂર વગેરે હોય કે માનવીનાં અંગોનાં રિપ્લેસમેન્ટ કરી તેને નવું જીવન બક્ષવાનું હોય, ચેટજીપીટીના સહારે માહિતી એકત્ર કરવાની હોય કે ગૂગલ મેપના સહારે ચોક્કસ ડેસ્ટિનેશન પર પહોંચવાનું હોય, અંતરીક્ષમાં જવાનું હોય કે ઘેરબેઠાં અંતરીક્ષના ગ્રહો-ઉપગ્રહો નિહાળવાનું હોય AIની મદદથી આ બધી જ વસ્તુ શક્ય બની છે. મોબાઈલ, આઈ-પેડ, લેપટોપ, ટીવી વગેરે જેવાં અનેક

યંત્રોને કારણે વિશ્વ જાણે નાનું બની ગયું છે.

તો સામે પક્ષે આ જ મોબાઈલ, ટેક્નોલૉજી અને AIનો દુરુપયોગ અભિશાપ પણ બની શકે. સતત ટેક્નોલૉજીનો ઉપયોગ માનવીને આળસુ અને મેદી તો બનાવે જ છે સાથોસાથ એકલપંડો અને પરાવલંબી પણ બનાવે છે.

મોબાઈલના આશરે જીવતો માણસ વાસ્તવિક જીવન કરતાં કાલ્પનિક જીવનમાં વધારે જીવતો થયો છે. આંગળીનાં ટેરવે ઑર્ડર આપતો માણસ ખંત, મહેનત અને ધીરજ શબ્દો તો જાણે ભૂલી જ ગયો છે. ટેક્નોલૉજી અને હવે તો AIના ઉપયોગને કારણે સત્ય અને અસત્યનો ભેદ પારખવો મુશ્કેલ બન્યો છે. ગુનાખોરી, છેતરપિંડી, ઉચાપત જેવાં અનેક દૂષણો આ માધ્યમથી વ્યાપક સ્તરે પ્રસર્યા છે. યંત્રોની વચ્ચે જીવતો માનવી પણ તેના જેવો સંવેદનારહિત બની ગયો છે. માણસોની જગ્યા રોબોટ અને યંત્રોએ લઈ લીધી છે. જેને કારણે બેરોજગારીના પ્રશ્નો ઉપસ્થિત થયા છે.

ટૂંકમાં મોબાઈલ, ટેક્નોલૉજી અને AIનો ઉપયોગ અવસર બની શકે જ્યારે દુરુપયોગ અભિશાપ બની જાય છે. ‘મન હોય તો માળવે જવાય.’ તેમ જ જો માનવી ધારે તો ટેક્નોલૉજીના ઉપયોગથી ચાંદ પર જઈ શકે અને ધારે તો આ જ ટેક્નોલૉજીના દુરુપયોગથી પોતાનો અને જગતનો વિનાશ નોતરી શકે.

**– ઊર્વિ મહેતા**



# "કર લો દુનિયા આંગળીને ટેરવે"



વિશાખા પોટા




આપણી એકવીસમી સદીનું મુખ્ય નજરાણું એટલે મોબાઈલ. વર્ષો પહેલાં ધીરુભાઈ અંબાણીએ ભવિષ્ય ભાખ્યું હતું કે "કર લો દુનિયા મુઠીમેં" એમનું એ સપનું એટલું સાકાર થઈ ગયું છે કે દુનિયા મુઠ્ઠીમાંથી બહાર નીકળી આંગળીની એક ક્લિક ઉપર આવી ગઈ છે. આંગળીની એક ક્લિક ઉપરથી વિશ્વભરની કોઈ પણ માહિતી મેળવી શકાય છે. વિશ્વ એટલું નાનું થઈ ગયું છે કે આંગળીની એક ક્લિકે તમે હિમાલયની ગોદમાં તો બીજી ક્લિકે તમે એફેલ ટાવરની ટોચમાં પહોંચી જાવ છો. આજની આધુનિક ટેક્નોલૉજી પાસેથી તમે ઘણું શીખો છો. પછી તે સાહિત્ય, સંગીત, વ્યાપાર, પ્રવાસ હોય કે ખરીદી – તમે ઘેર બેઠાં કરી શકો છો. આધુનિક યુગની ઓળખ "ડિજિટલ યુગ" તરીકે થાય છે. આજની ટેક્નોલૉજી તમને સમયની ખૂબ આગળ લઈ ગઈ છે, પરંતુ તેની સાથોસાથ જીવનની ગતિ, સંબંધો અને વિચારસરણી ઉપર પણ ઊંડી અસર થઈ છે. આજે તો નાનાં બાળકો પાસે પણ સ્માર્ટ ફોન આવી ગયા છે. તેઓ i.ped, કમ્પ્યુટરનો ઉપયોગ કરતાં થઈ ગયાં છે. શાળાઓમાં જે પ્રોજેક્ટ અપાય છે એ પણ કમ્પ્યુટરથી જ કરવાના હોય છે. ઘણી વખત ઑનલાઈન શિક્ષણ પણ અપાતું હોય છે. મોબાઈલ હાથમાં આવતાં બાળકોએ હવે બહાર ખુલ્લી હવામાં રમવા જવાનું સાવ ઓછું કરી નાખ્યું

છે. બધા ઑનલાઈન રમતો રમતાં થઈ ગયાં છે. તેઓને મોબાઈલનું વ્યસન થઈ ગયું છે. વધુપડતો સોશિયલ મીડિયાનો ઉપયોગ બાળકોના માનસિક સ્વાથ્યને નુકસાન પહોંચાડે છે. માબાપ પણ બાળકોની કુતુહલ વૃત્તિના જવાબ દેવાને બદલે એમના હાથમાં મોબાઈલ આપી દે છે. પછી એમાં એ શું જોવે છે એમાં ધ્યાન આપતાં નથી. ગરીબ તવંગર દરેકના હાથમાં મોબાઈલ જોવા મળે છે. હાલતાં-ચાલતાં, વાહન ચલાવતા હોય ત્યારે પણ મોબાઈલ ઉપર વાત કરે અને એક્સિડેન્ટ થાય.

સ્માર્ટ ફોન અને ટૅક્નોલૉજીનો ઉપયોગ વધતાં કોઈ પણ પ્રશ્નનો જવાબ વિવિધ સૉર્સ મારફત મળી જાય છે. બુદ્ધિ વાપરવી પડતી નથી. લોકો વર્ચુઅલ દુનિયામાં જીવવા લાગ્યા છે. સંવાદિતા ઓછી થઈ ગઈ છે. લોકો એકલપટા થવા લાગ્યા છે. એકલતા જીવનમાં ઉધઈનું કામ કરે છે. પહેલાં વારેતહેવારે સબંધીઓ મળતા, સુખદુઃખમાં એમને ઘેર જતા અને એમના આનંદમાં અને દુઃખમાં સહભાગી થતાં પણ હવે લાખ દુઃખો કી એક દવા હૈ ક્યું ના અજમાયે ‘‘મોબાઈલ’’ હવે તો મોબાઈલના whatsapp ઉપર મેસેજ મૂકી દે છે, પણ હવે તો મેસેજનું સ્થાન પણ ઈમોજીએ લઇ લીધું છે. આપણે જેમ વધુ વિકાસ કરતાં ગયાં તેમ દુનિયા નાની થતી ગઈ અને આપણાં મન સંકુચિત થતાં ગયાં. આપણી સંવાદિતા ઓછી થવા લાગી.




હવે આ ટૅક્નોલૉજીના માધ્યમથી કોઈ પણ વાત ગોપનીય રહેતી જ નથી. તમે ક્યાં જાવ છો, શું ખાવ છો એ બધું જાહેર થાય છે. તમે મેસેજ મૂકો એને કેટલી લાઈક્સ મળી અને બ્લુ ટિક્સ આવી કે નહીં એમાં જ તમારું ધ્યાન હોય છે. ટેક્નોલૉજીએ તમારું જીવન બહેતર બનાવવાનું છે તેણે જીવન નથી બની જવાનું. એના લગાવનો અતિરેક ન થવો જોઈએ.

જો આપણે એને અવસરમાં લઈએ તો ઘણા જવાબદાર લોકો સોશિયલ મીડિયા મારફત ઘણા ગંભીર વિષયોની ચર્ચા કરે છે,

આધારભૂત માહિતીઓ પોસ્ટ કરે છે અને લોકો સુધી પહોંચાડે છે. વર્ષોથી છૂટા મિત્રો મળી જાય છે અને નવે તાંતણે સંબંધ બંધાય છે.

આપણે હવે AI તરફ જઈએ. AI એટલે કૃત્રિમ બુદ્ધિ. એની શોધ Ellon Musk અને John Mecarthy એ કરી. હવે એ સમય આવી ગયો છે કે AI દરેક ક્ષેત્રમાં પોતાનું પ્રભુત્વ જમાવશે. એ સમય દૂર નથી કે AI કોઈ એકના હોઠ, કોઈની આંખો, કોઈનું ફિગર, કોઈની બુદ્ધિ, કોઈનું ભાષા કૌશલ્ય પસંદ કરીને કોઈ એક પરફેક્ટ વ્યક્તિનું સર્જન કરી શકશે. ઈશ્વરે સર્જેલી વ્યક્તિ પરફેક્ટ ન હોઈ શકે, પણ આ રોબો અથવા AI આપણને જોઈએ એવી વ્યક્તિનું નિર્માણ કરી શકશે. AI જે ઝડપે પ્રવેશી રહ્યું છે એનાથી બદલાતા સમય સાથે બધું બદલાઈ જશે. તે બધી માહિતી ભેગી કરીને સોશિયલ મીડિયા માટે ચેટબોક્સ વિકસાવી શકે છે. તમારો અવાજ રેકોર્ડ કરીને તમારી નજીકના સાથે છેતરપિંડી કરી શકે છે. મૃત વ્યક્તિને પણ જીવિત કરીને તમારી સાથે વાત કરાવી શકે છે. વિકાશશીલ દેશોમાં માણસોની જગ્યા મશીન લેતું થયું છે. એટલે બેકારી વધી રહી છે. માણસ આળસુ અને નકામો બની જશે. આજના યુવાનોને સમજવું છે બધું, પણ આધુનિક ટેક્નોલૉજીની મદદથી સમજવું છે. AI આપણા અર્થશાસ્ત્રને પાયામાંથી ખોખલું કરી નાખશે. હમણાં એક લેખમાં આવ્યું છે કે AI ઉપર પ્રતિબંધની બહુ જરૂર છે. નહીંતર બહુ ભયાવહ પરિસ્થિતિ ઊભી થશે. સુપર બુદ્ધિમતા AI જાતે જ બધા નિર્ણયો લઈ શકશે તેથી મનુષ્ય પોતાની ક્ષમતા અને બુદ્ધિથી નિર્ણયો લેતો બંધ થઈ જશે અને વધુ ને વધુ મશીનો ઉપર આધારિત થતો જશે. તેથી તે ડિપ્રેશનમાં પણ આવી શકે અથવા કોઈ માનસિક રોગનો ભોગ બની શકે. વિશ્વ આજે અનેક પડકારો ઝીલી રહ્યું છે એમાં AIનો હસ્તક્ષેપ એની સીમા ઓળંગી જાય તો નવાઈ નહીં.

દરેક નવી ટેક્નોલૉજીનાં સારાં અને નરસાં એમ બે પાસાં હોય છે. આપણે તેનો કેવો ઉપયોગ કરીએ છીએ તેના ઉપર આધાર રાખે છે. એનાં વધુપડતા ઉપયોગ કે દુરુપયોગથી આપણે જાત સાથેનો સંપર્ક ગુમાવી રહ્યા છીએ. ફાયદામાં જોઈએ તો બધું ઑનલાઈન થતાં કાગળનો બચાવ થતાં વૃક્ષો ઓછાં કપાશે અને પર્યાવરણની રક્ષા થશે. આજની નવી પેઢી સાથે કદમ મિલાવીને ચાલવું હોય તો આ પરિવર્તનને સસ્મિત સ્વીકારવું જ પડશે. કારણ પરિવર્તન એ તો સંસારનો નિયમ છે. આજે ઈન્ટરનેટે એક સરહદ વિનાની જ્ઞાન સંહિતા ખોલી આપી છે. આવતી કાલે AI શિક્ષણની પદ્ધતિ અને કન્ટેન્ટ બન્નેને ધરમૂળથી બદલી નાખશે અને એમાં જે સર્જનાત્મક હશે એ ટકશે અને આપણે આ ઉત્ક્રાંતિને અનુરૂપ થવું જ પડશે નહીં તો આ જગતમાં મનુષ્ય અને મનુષ્યેતર એમ બે પ્રકારનાં બુદ્ધિશાળી પ્રાણીઓ રહેશે જે યુદ્ધ પણ કરી શકે અને બુદ્ધને પણ પ્રગટાવી શકે. આ ટેક્નોલૉજીના યુગમાં આશાવાદ ઝિંદાબાદ.

**– વિશાખા પોટા**

કોઈ કહે જગતનો લય અગ્નિથી, વળી
કોઈ કહે હિમ થકી, પણ કામનાનો
જે કૈં મને સ્વાદ મળ્યો છે એથી
લાગે જ સાચા સહુ અગ્નિ પક્ષના.
બે વાર જો જગતનો લય હોય થાવો
મેં દ્વેષ કૈં અનુભવ્યો બસ એટલો કે
કહી શકું હું હિમ પણ સમર્થ
વિનાશને કાજ, હશે જ પૂરતું.

– રોબર્ટ ફ્રોસ્ટ
(અનુ. નિરંજન ભગત)

## Fire and Ice

Some say the world will end in fire,
Some say in ice.
From what I've tasted of desire
I hold with those who favor fire.
But if it had to perish twice,
I think I know enough of hate
To say that for destruction ice
Is also great
And would suffice.

-Robert Frost

વાંસલડી ડૉટ કૉમ, મોરપિચ્છ ડૉટ કૉમ, ડૉટ કૉમ વૃંદાવન આખું,
કાનજીની વેબસાઈટ એટલી વિશાળ છે કે કયાં કયાં નામ એમાં રાખું ?

ધારો કે મીરાંબાઈ ડૉટ કૉમ રાખીએ તો રાધા રિસાય એનું શું ?
વિરહી ગોપીનું ગીત એન્ટર કરીએ ને ક્યાંક ફ્લૉપી ભીંજાય એનું શું ?
પ્રેમની આ ડિસ્કમાં તો એવી એવી વાનગી કે કોને છોડું ને કોને ચાખું ?

ગીતાજી ડૉટ કૉમ એટલું ઉકેલવામાં ઊકલી ગઈ પંડિતની જાત.
જાત બળી જાય છતાં ખ્યાલ ના રહે ને એ જ માણે આ પૂનમની રાત.
તુલસી, કબીર, સુર, નરસૈંયો થઈએ તો ઊકલે છે કંઈક ઝાંખું ઝાંખું.

એ જ ફક્ત્ પાસવર્ડ મોકલી શકે છે જેના સ્ક્રીન ઉપર નાચે છે શ્યામ.
એને શું વાઇરસ ભૂંસી શકવાના જેનાં ચીર પૂરી આપે ઘનશ્યામ ?
ઇન્ટરનેટ ઉપર એ થનગનતો આવે, હું કોઈ દિવસ વિન્ડો ના વાખું.

- કૃષ્ણ દવે


જ્ઞાતિની એકમાત્ર વિશ્વસંસ્થા

**શ્રી વડનગરા નાગર મંડળ, મુંબઈ**

દ્વારા સંસ્થાનાં સભ્યોમાં ખાનગી વિતરણ માટે પ્રકાશિત

રજીસ્ટર્ડ ઓફિસઃ એ-૫૮, પન્નાલાલ ટેરેસીઝ, ગ્રાન્ટ રોડ, મુંબઈ ૪૦૦૦૦૭

www.shrivadnagaranagar.org